RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 138** **Dt. 11-12-2025** **Page : 08** **Price : Rs 3**




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

### મોદી-નેતન્યાહૂનો શૂન્ય સહિષ્ણૂતાનો પુનરોચ્ચાર

# ભારત-ઈઝરાયલ ભાગીદારીમાં મક્કમતા

## બેન્જામિન નેતન્યાહૂએ વડાપ્રધાન મોદીને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે શાંતિ સ્થાપવા મુદ્દે કરી વાતચીત



નવીદિલ્હી, તા. ૧૦
બુધવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂનો ફોન આવ્યો. વાતચીત દરમિયાન, બંને નેતાઓએ ભારત-ઈઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. ચર્ચાનું કેન્દ્રબિંદુ પ્રાદેશિક પરિસ્થિતિ, આતંકવાદ પર મજબૂત વલણ અને બંને દેશો વચ્ચે વધતા સંબંધો પર હતું. પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે બંને નેતાઓએ વર્તમાન ભાગીદારીને સકારાત્મક અને સતત પ્રગતિશીલ ગણાવી. મોદી અને નેતન્યાહૂએ આતંકવાદ પર તેમની શૂન્ય-સહિષ્ણુતા નીતિનો પુનરોચ્ચાર કર્યો. બંને દેશો સંમત થયા હતા કે આતંકવાદ કોઈપણ સ્વરૂપમાં અને સ્થળે અસ્વીકાર્ય છે. વાતચીત દરમિયાન, બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ, ખાસ કરીને ગાઝામાં વિકાસ અને પ્રદેશમાં વધતા તણાવ પર પણ ચર્ચા કરી. પ્રધાનમંત્રી મોદીએ સ્પષ્ટતા કરી કે ભારત પ્રદેશમાં કાયમી શાંતિ સ્થાપિત કરવા માટે ગાઝા શાંતિ યોજનાના ઝડપી અને નક્કર અમલીકરણને સમર્થન આપે છે.

વાતચીત દરમિયાન, મોદી અને નેતન્યાહૂએ ભારત-ઈઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીમાં સતત પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો. સંરક્ષણ, ટેકનોલોજી, કૃષિ, સાયબર સુરક્ષા અને નવીનતાના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહયોગ સતત વધી રહ્યો છે. મોદી અને નેતન્યાહૂએ આ ભાગીદારીને બંને દેશો માટે ફાયદાકારક ગણાવી અને તેને વધુ મજબૂત બનાવવા સંમત થયા. બંને નેતાઓએ નોંધ્યું કે બદલાતા વૈશ્વિક વાતાવરણમાં ભારત અને ઈઝરાયલ વિશ્વસનીય ભાગીદારો છે. વાતચીતનો મુખ્ય ઘટક આતંકવાદ પર કડક વલણ હતું. વડા પ્રધાન કાર્યાલય (PMO) ના એક નિવેદન અનુસાર, મોદી અને નેતન્યાહૂ બંનેએ આતંકવાદ સામે કોઈ છૂટછાટ નહીં આપવાની તેમની નીતિનો પુનરોચ્ચાર કર્યો. બંને નેતાઓએ જણાવ્યું હતું કે આતંકવાદને ટેકો આપનારા અને પ્રોત્સાહન આપનારાઓને કોઈપણ સ્વરૂપમાં સહન કરવામાં આવશે નહીં. ભારત અને ઈઝરાયલ લાંબા સમયથી આતંકવાદ સામે સંયુક્ત લડાઈમાં રોકાયેલા છે, અને વાતચીતમાં આ સંયુક્ત સંઘર્ષને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર પણ વિગતવાર ચર્ચા કરી. તેમણે ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ, પેલેસ્ટિનિયન મુદ્દાઓ અને વધતી હિંસા પર પોતાના વિચારો શેર કર્યા. વડા પ્રધાન મોદીએ પુનરોચ્ચાર કર્યો કે ભારત ન્યાયી અને સ્થાયી શાંતિનો સમર્થક છે અને ગાઝા શાંતિ યોજનાનો ઝડપી અમલ જરૂરી છે. ભારતનું વલણ શરૂઆતથી જ સ્પષ્ટ રહ્યું છે કે જો બધા પક્ષો શાંતિ પ્રક્રિયાનું સન્માન કરે તો જ આ ક્ષેત્રમાં સ્થિરતા પ્રાપ્ત થશે. વાટાઘાટોના અંતે, બંને નેતાઓ એકબીજા સાથે નિયમિત સંપર્ક જાળવવા સંમત થયા. PMO ના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીત ચાલુ રહેશે. આ ફોન કોલ એવા સમયે થયો જ્યારે વૈશ્વિક સ્તરે ઘણા વ્યૂહાત્મક મુદ્દાઓ ઝડપથી વિકસી રહ્યા છે અને દેશો વચ્ચે સહયોગનું મહત્વ વધ્યું છે. મોદી અને નેતન્યાહૂ વચ્ચેની આ ચર્ચા ભારત-ઈઝરાયલ સંબંધોને વધુ વેગ આપે છે.

### જે.પી. નડ્ડાએ ટીબી નાબૂદીને ઝડપી બનાવવા માટે ગુજરાતના સંસદીય નેતૃત્વને ગતિશીલ બનાવ્યું

# ટીબી-મુક્ત ભારતનો સંકલ્પ

નવીદિલ્હી, તા. ૧૦
કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, જગત પ્રકાશ નડ્ડાએ આજે 'ટીબી-મુક્ત ભારત' માટેના રાષ્ટ્રીય મિશનને આગળ વધારવા માટે ગુજરાતના સાંસદસભ્યો (સાંસદો) સાથે સઘન વ્યૂહરચના અંગે સંવાદ કર્યો હતો. ''ટીબી મુક્ત ભારતના ચેમ્પિયન બનતા સંસદસભ્યો'' પહેલ હેઠળ આયોજિત આ વાર્તાલાપ સંસદના શિયાળુ સત્રની સાથે- સાથે ગરવી ગુજરાત ભવન ખાતે યોજાયો હતો. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા બંને ગૃહોના સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. સાંસદોને સંબોધતા, નડ્ડાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ક્ષય રોગ સામેની લડાઈમાં ભારતની નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું કે દેશે ૨૦૧૫ થી ૨૦૨૪ દરમિયાન ટીબીના કેસમાં આશરે ૨૧% ઘટાડો હાંસલ કર્યો છે, સાથે જ સારવાર સફળતા દર લગભગ ૯૦% છે, જે તાજેતરના ઠઈંઘ મૂલ્યાંકનોમાં પ્રતિબિંબિત વૈશ્વિક સરેરાશ કરતાં પણ વધુ છે.

કેન્દ્રીય મંત્રીએ ભાર મૂક્યો કે ગુજરાત



- તેની મજબૂત આરોગ્ય પ્રણાલીઓ, નવીનતાઓનો ઝડપી સ્વીકાર અને મજબૂત કાર્યક્રમ માલિકીને કારણે - આગામી પેઢીના ટીબી નાબૂદી વ્યૂહરચનાઓ લાગુ કરવામાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવવાની ક્ષમતા ધરાવે છે. સાંસદોને મતવિસ્તાર-સ્તરના હસ્તક્ષેપોને ટેકો આપવા માટે આહ્વાન કરતા, નડ્ડાએ ચોક્કસ સંસદીય દેખરેખ પગલાંના સમૂહની રૂપરેખા આપી. નડ્ડાએ સાંસદોને ટીબી જાગૃતિને ચાલુ જન સંપર્ક પહેલ, સ્થાનિક મીડિયા આઉટરીચ અને જાહેર કાર્યક્રમો સાથે સાંકળવા વિનંતી કરી જેથી કલંકનો સામનો કરી શકાય અને લોકોને વહેલા પરીક્ષણ અને સારવાર મેળવવા માટે પ્રોત્સાહિત કરી શકાય. મંત્રીએ ટીબીની સારવાર લઈ રહેલા વ્યક્તિઓ માટે પોષણ, કાઉન્સેલિંગ અને કલ્યાણ-જોડાણ સહિત સતત સમુદાય સમર્થન સુનિશ્ચિત કરવા માટે મતવિસ્તાર-સ્તરના નિક્ષય શિબિરોના સંગઠન અને નિક્ષય મિત્ર નેટવર્કના વિસ્તરણને વધુ પ્રોત્સાહન આપ્યું હતું.

કેન્દ્રીય આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવે સાંસદોને સમુદાય-કેન્દ્રિત સ્ક્રીનીંગ, ઉન્નત ટેક-સક્ષમ દેખરેખ અને પોષણ સહાયના મહત્વપૂર્ણ મહત્વ જેવા ઉભરતા નીતિ નિર્દેશો વિશે માહિતી આપી હતી. રાષ્ટ્રીય આરોગ્ય મિશનના અધિક સચિવ અને મિશન ડિરેક્ટર, આરાધના પટનાયકે ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ પ્રગતિના અપડેટ્સ રજૂ કર્યા અને ટીબી મુક્ત ભારતમાં રાજ્યના યોગદાનને વેગ આપવા માટે મજબૂત સંસદીય જોડાણની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ગુજરાતના સાંસદોએ મતવિસ્તાર-સંચાલિત ટીબી નાબૂદીના પ્રયાસોને આગળ વધારવા માટે તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી અને ટીબી-મુક્ત ભારત પ્રાપ્ત કરવા માટે સંકલિત, પરિણામ-કેન્દ્રિત અને સમુદાય-કેન્દ્રિત અભિગમ માટે તેમના સમર્થનની પુષ્ટિ કરી હતી.

# વોટ ચોરીનો ઈતિહાસ કોંગ્રેસે આલેખ્યો : શાહ

### SIR એ મતદાર યાદીનું શુદ્ધિકરણ વિપક્ષનો હોબાળા સાથે વોક આઉટ

નવીદિલ્હી, તા. ૧૦
ગૃહમંત્રી અમિત શાહે બુધવારે લોકસભામાં આરોપ લગાવ્યો હતો કે દેશમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અંગે જુઠ્ઠાણા ફેલાવવામાં આવ્યા છે અને જનતાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચૂંટણી સુધારા પરની ચર્ચાનો જવાબ આપતા તેમણે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૩૨૭ ચૂંટણી પંચને મતદાર યાદી તૈયાર કરવાનો સંપૂર્ણ અધિકાર આપે છે. મત-હેરાફેરીનાં આરોપોને સંબોધતા અમિત શાહે કહ્યું હતું કે પહેલી મત-હેરાફેરી ત્યારે થઈ જ્યારે વડા પ્રધાન બનવાનો નિર્ણય કોંગ્રેસના પ્રદેશ પ્રમુખોના મતો દ્વારા લેવામાં આવ્યો હતો. અઠ્ઠાવીસ રાજ્ય પ્રમુખોએ સરદાર પટેલને મત આપ્યો હતો, જ્યારે ફક્ત બેએ પંડિત નેહરુને મત આપ્યો હતો. છતાં, નેહરુ વડા પ્રધાન બન્યા હતા. બીજી મત-હેરાફેરી ત્યારે થઈ જ્યારે ઈન્દિરા ગાંધીએ અનૈતિક રીતે રાયબરેલી જીતી હતી. રાજ નારાયણ કોર્ટમાં ગયા હતા, અને અલ્હાબાદ હાઈકોર્ટે ઈન્દિરા ગાંધીની જીતને રદ કરી હતી. આને છુપાવવા માટે, સંસદમાં એક કાયદો પસાર કરવામાં આવ્યો હતો જે વડા પ્રધાન સામે કોઈપણ કાર્યવાહી



પર પ્રતિબંધ મૂકે છે.

અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે વિપક્ષ ચૂંટણી પંચની પ્રતિરક્ષા પર સવાલ ઉઠાવી રહ્યો છે, પરંતુ ઈન્દિરા ગાંધીએ પહેલાથી જ પોતાના માટે પ્રતિરક્ષા મેળવી લીધી હતી. તે શું છે? ત્રીજું ઉદાહરણ એ હતું કે ઈન્દિરા ગાંધીએ ત્રણ વરિષ્ઠ ન્યાયાધીશોને સુપરસીડ કર્યા અને ચોથા ક્રમના ન્યાયાધીશને મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા. અમિત શાહે કહ્યું કે એક કેસ પ્રકાશમાં આવ્યો છે જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે સોનિયા ગાંધી ભારતીય નાગરિક બનતા પહેલા મતદાર બન્યા હતા. વિપક્ષના હોબાળાનો જવાબ આપતા તેમણે કહ્યું કે આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે, અને આ એક વાસ્તવિક બાબત છે. સોનિયા ગાંધીએ કોર્ટમાં જવાબ આપવો પડશે. મેં હજુ સુધી કોઈ નિષ્કર્ષ કાઢ્યો નથી. કેસી વેણુગોપાલે ગૃહમંત્રીને તે સાબિત કરવા પડકાર ફેંક્યો. સ્પીકરે એમ પણ કહ્યું કે ગૃહમંત્રીએ કોઈ ચુકાદો આપ્યો નથી, ફક્ત એક પેન્ડિંગ કેસનો ઉલ્લેખ કર્યો છે.

આ પછી, અમિત શાહે કહ્યું કે ૨૦૧૪ થી, અમે ત્રણ લોકસભા ચૂંટણીઓ સહિત ૪૪ મોટી ચૂંટણીઓ જીતી છે, અને વિપક્ષે પણ ૩૦ થી વધુ જીત મેળવી છે. તમે ''મત ચોરી,'' ''મત ચોરી'' ના નારા લગાવતા રહો છો અને ''ભારત જોડો ન્યાય યાત્રાઓ'' નું આયોજન કરો છો. તમે તમારી પોતાની સરકારો દરમિયાન ઘણી ચૂંટણીઓ જીતી હતી, પરંતુ અમે ક્યારેય તેના વિશે કંઈ કહ્યું નથી. આ ફક્ત ચૂંટણી પંચની છબીને કલંકિત કરવાનો પ્રયાસ છે. SIRનો મૂળ અર્થ મતદાર યાદીનું શુદ્ધિકરણ છે. તમે લોકો વર્ષોથી કહી રહ્યા છો કે મતદાર યાદીમાં સુધારો થવો જોઈએ, હવે ચૂંટણી પંચ પણ એ જ કરી રહ્યું છે.

અમિત શાહે કહ્યું કે જ્યારે પત્રકારો પ્રશ્નો પૂછે છે ત્યારે તેઓ તેમને ભાજપના એજન્ટ કહે છે, જો તેઓ કેસ હારી જાય તો તેઓ ન્યાયાધીશને દોષ આપે છે, જો તેઓ ચૂંટણી હારી જાય તો તેઓ ઊટખ અને મત ચોરીનો રડકારો કરે છે. તેમણે બિહારમાં યાત્રા કાઢી, છતાં તેઓ હારી ગયા. હારનું સાચું કારણ તમારું નેતૃત્વ છે. કોંગ્રેસના કાર્યકરો એક દિવસ તમારી પાસેથી હિસાબ માંગશે. સ્વતંત્રતા પછી પહેલીવાર, ન્યાયાધીશના નિર્ણયથી નારાજગીને કારણે મહાભિયોગ લાવવામાં આવી રહ્યો છે, ફક્ત વોટ બેંક બચાવવા માટે. બધાએ તેના પર હસ્તાક્ષર કર્યા, ઉદ્ધવ ઠાકરેએ પણ તે કર્યું. જનતા આને માફ નહીં કરે.

રાહુલ ગાંધીએ અમિત શાહને કહ્યું, ''હું તમને મત ચોરી પર મારી ત્રણ પ્રેસ કોન્ફરન્સની ચર્ચા કરવા પડકાર ફેંકું છું.'' શાહે જવાબ આપ્યો, હું ૩૦ વર્ષથી વિધાનસભા અને લોકસભામાં ચૂંટાયો છું. મને સંસદીય પ્રણાલીનો બહોળો અનુભવ છે. વિપક્ષના નેતા કહે છે, 'તમારે પહેલા મારા પ્રશ્નનો જવાબ આપવો જોઈએ.' હું તમને કહેવા માંગુ છું કે સંસદ તમારી ઈચ્છા મુજબ કાર્ય કરશે નહીં. હું કયા ક્રમમાં બોલું છું તે હું નક્કી કરીશ; સંસદ આ રીતે કાર્ય કરશે નહીં.

# ગુલમહોર ગ્રીન્સ ગોલ્ડ ક્લબમાં ITના દરોડા

## બેંક ખાતા અને દાગીના સહિતની બાબતોની તપાસ શરૂ : મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો મળી આવવાની સંભાવના

અમદાવાદ, તા. ૧૦
કર ચોરી અટકાવવા માટે હાલ સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા જે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેને લઈને હાલ ઘણી રાહત કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારને થયેલી છે. આવકવેરા વિભાગની અમદાવાદની ટીમ દ્વારા સતત બીજા દિવસે દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં ગુલમોહર ગ્રીન્સ ગોલ્ડ ક્લબમાં આઈટી ટીમ ત્રાટકી હતી.

ત્રિલોખ પરીખની ગુલમહોર ક્લબ ખાતે આવકવેરા વિભાગે તપાસ કરી હતી. ત્રિલોક પરીખ અને અલ્પેશ પરીખના ઘરે પણ આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હતાં. આ ઉપરાંત વિનોદ ઈન્ડસ્ટ્રી તેમજ તેમના નિવાસ સ્થાને પણ સર્ચ કરાયું હતું. મંગળવારથી અમદાવાદમાં ૩૫ સ્થળો પર આવકવેરા વિભાગની તપાસ ચાલી રહી છે. મોટી માત્રામાં બેનામી વ્યવહારો સામે આવે તેવી શક્યતાઓ છે. ગઈકાલે આવકવેરા વિભાગ દ્વારા વિનોદ મિત્તલના ત્યાંથી લાખો રૂપિયાની રોકડ અને અન્ય વ્યવહારો મળ્યા હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. આવકવેરા વિભાગની ટીમ દ્વારા બેંક ખાતા અને દાગીના સહિતની બાબતોની તપાસ શરૂ કરાઈ છે.

અમદાવાદમા વિનોદ ટેક્સટાઈલમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયુ છે.વિનોદ મિત્તલ અને તેમના ભાઈ સહિત ૧૯ નિવાસ સ્થાને આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. વહેલી સવારથી આવકવેરા વિભાગના અધિકારીઓની રેડ શરૂ થઈ છે.વિનોદ મિત્તલ અને તેમના ભાઈ સહિત ૧૯ લોકોના નિવાસ સ્થાને આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. ૧૫૦થી વધુ અધિકારીઓ આ



સર્ચમાં જોડાયા છે.અમદાવાદમાં સેટેલાઈટ, નારોલ પીરાણા, સૈજપુર અને પીપળજમાં આવકવેરા વિભાગની ટીમો ત્રાટકી છે. આ પહેલા ભુજમાં પણ રામી હોટેલ્સ પર દરોડા પડ્યા હતાં.

અમદાવાદમાં ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ સહિત શહેરમાં અનેક મહત્વના સ્થળોએ આવકવેરા વિભાગ (IT) દ્વારા વિશાળ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, ત્રિલોક પરીખના ગુલમહોર ક્લબમાં IT ટીમો દ્વારા સઘન તપાસ ચાલુ છે. ઉપરાંત ત્રિલોક પરીખ અને અલ્પેશ પરીખના નિવાસસ્થાન તથા તેમની ઓફિસોમાં પણ તલાશી લેવામાં આવી રહી છે. આવકવેરા વિભાગે વિનોદ ઈન્ડસ્ટ્રીઝ તેમજ સાથે જોડાયેલા વ્યક્તિઓના નિવાસસ્થાનો સહિત કુલ ૩૫ સ્થળોએ તલાશી શરૂ કરી છે. સૂચનાઓ મળતા સર્ચનો દાયરો પહેલા કરતાં વધુ વિસ્તરવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વિનોદ મિત્તલના સ્થળે હાથ ધરાયેલા સર્ચ દરમિયાન ITની ટીમને લાખો રૂપિયાની રોકડ રકમ, મહત્વના દસ્તાવેજો અને શંકાસ્પદ વ્યવહારો સંબંધિત વિગતો મળી આવેલી છે. આ દસ્તાવેજોમાં નાણાકીય વ્યવહારો, ખાતાવહી અને અન્ય વ્યવહારિક માહિતીનો સમાવેશ થતો હોવાનું તારણ છે. ઈંઝ વિભાગની ટીમો દ્વારા બેંક ખાતા, લોકર્સ, જ્વેલરી તેમજ પ્રોપર્ટી દસ્તાવેજોની પણ સૂક્ષ્મ તપાસ કરવામાં આવી રહી છે. સંભવિત બેનામી વ્યવહારો અને હવાલા જેવા ગેરકાયદેસર નાણાકીય લિંક અંગે પણ સર્ચ દરમિયાન તપાસ ચાલી રહી છે.

### શાળાના બેંક ખાતાની ખોટી સહીઓ કરી નાણાં ટ્રાન્સફર કર્યાનો આરોપ

# રાજકોટની કેન્દ્રીય વિદ્યાલયમાં ૨૩.૮૩ લાખની ઉચાપત

### આચાર્ય ગંગારામે નાણાકીય સહાયક દેવેન્દ્ર ગણાત્રા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી



રાજકોટ, તા. ૧૦
કાલાવડ રોડ સ્થિત પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલયના શાળાના નાણાકીય વ્યવહારો સંભાળતા સીનિયર સેક્રેટરીયટ આસિસ્ટન્ટ દેવેન્દ્ર ગણાત્રા વિરુદ્ધ કુલ રૂ. ૨૩,૮૩,૮૩૯ ની ગંભીર નાણાકીય ઉચાપત કરતા આ અંગે આચાર્યશ્રી ગંગારામ મીણાએ ફરિયાદ નોંધાવી છે. આચાર્યએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ દાખલ કરાવતા ચકચાર જાગી છે.

આચાર્ય ગંગારામ મીણાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ સપ્ટેમ્બર ૨૦૨૨થી આચાર્ય તરીકે ફરજ બજાવે છે અને દેવેન્દ્ર ગણાત્રા સીનિયર સેક્રેટરીયટ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે, જેઓ બેંક ખાતાઓના નાણાકીય વ્યવહારોનું સંચાલન કરે છે. નિયમ મુજબ, તમામ નાણાકીય વ્યવહારો માટે આચાર્ય મીણા અને પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચર (ઇંગ્લીશ) ગૌતમભાઈ પરમારની સંયુક્ત સહીઓ જરૂરી હોય છે. ફરિયાદમાં આક્ષેપ છે કે દેવેન્દ્ર ગણાત્રાએ શાળાના બેંક ખાતાઓના ચેક અને ખાસ કરીને બેંક એડવાઇઝરી સ્લીપ (બેનિફિશિયરી લીસ્ટ)માં આચાર્ય મીણા અને ગૌતમભાઈ પરમારની ખોટી સહીઓ કરી નાણાં ટ્રાન્સફર કર્યા છે.

વધુમાં જણાવાયું છે કે ચેક ઇસ્યુ રજીસ્ટરમાં નોંધાયેલી રકમ અને વાસ્તવમાં બેંકમાં જમા થયેલા ચેકની રકમ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો છે. વિદ્યાલય વિકાસ નિધિ (વી.વી.એન.) ના યુનિયન બેંક ખાતા માંથી ત્રણ જુદા જુદા ચેક દ્વારા કુલ રૂ. ૧૪,૦૦,૦૦૦ની ગેરરીતિ ધ્યાન પર આવી છે. આમાં ત્રણ ચેકનો સમાવેશ થાય છે. આ ત્રણેય ચેક પર સહી કરતી વખતે રજીસ્ટરમાં અનુક્રમે ૪૪૩૯૪, ૪૫૬૪૪, અને ૪૦૪૨૦ લખવામાં આવ્યા હતા, પરંતુ બેંકમાં જમા કરાયેલા ચેકમાં રકમ વધારીને અનુક્રમે ૪,૪૪,૩૯૪, ૪,૪૫,૬૪૪ અને ૬,૪૦,૪૨૦ કરી દેવામાં આવી હતી.

સ્કુલ ફંડ એકાઉન્ટ (એસ.એફ.)ના યુનિયન બેંક ખાતામાં પણ આવી જ ગેરરીતિ જોવા મળી છે. ચાર ચેકોમાં જેની તારીખ ૦૭/૧૦/૨૫ થી ૧૩/૧૦/૨૫ વચ્ચેની છે, તેમાં ચેક રજીસ્ટરની રકમ કરતાં બેંકમાં જમા થયેલ રકમ વચ્ચે રૂ. ૯,૨૦,૦૦૦નો તફાવત મળ્યો છે. આ ઉપરાંત, ચેક નંબર ૧૭૧૪૫૫૫૪ (તા. ૨૨/૦૮/૨૦૨૫) દ્વારા ૮,૬૩,૮૩૯નું પેમેન્ટ બનાવટી બેંક એડવાઇઝ બનાવીને ખોટી પાર્ટીને આપવામાં આવ્યું હતું, જેમાં ૬૩,૮૩૯ની ઉચાપત સામે આવી છે. ફરિયાદ મુજબ, પ્રાદેશિક કાર્યાલય (અમદાવાદ) તરફથી નાણાંના મોટા ટ્રાન્સફર અંગે ચેક કરવા માટે ફોન આવતા આચાર્યને શંકા ગઈ હતી. દેવેન્દ્ર ગણાત્રાએ લેખિતમાં M/S Portable CNF Consultancyને પૈસા ટ્રાન્સફર કર્યા હોવાનું જણાવ્યું હતું. બાદમાં બેંકની ભૂલનું કારણ આપીને વોટ્સએપ પર બેંકના સ્ટેમ્પ વાળો પત્ર પણ મોકલ્યો હતો.

આચાર્ય દ્વારા યુનિયન બેંક, કાલાવડ રોડ શાખાને આ બાબતે ખરાઈ કરવા પત્ર લખતા બેંક મેનેજરે તારીખ ૦૩/૧૨/૨૦૨૫ ના રોજ લેખિતમાં સ્પષ્ટતા કરી કે ટ્રાન્ઝેક્શનની વિગતો ખોટી છે અને તે બેંકની અધિકૃત નકલ નથી. તપાસમાં બહાર આવ્યું કે શાળાએ કોઈ કામ ન કરાવ્યું હોવા છતાં M/S Portable CNF Consultancyના ખાતામાં રૂપિયા ૧૧,૮૩,૮૩૯ ટ્રાન્સફર થયા હતા. આ સમગ્ર મામલે વિદ્યાલય પ્રબંધન કમિટીના અધ્યક્ષ અને માનનીય કલેક્ટરશ્રીને જાણ કરવામાં આવી હતી, જેમણે આચાર્ય ગંગારામ મીણાને દેવેન્દ્ર ગણાત્રા અને તપાસમાં ખુલે તે તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે સૂચન કરતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એન. પટેલ દ્વારા ફરિયાદના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.



# સલાહ આપવી નહિ કહી મહિલાને મૌલિકે માર્યો મારઃ ખૂનની ધમકી

### બંને ૧૫૦ ફૂટ રીંગરોડ સ્થિત ધ સ્પાયર બિલ્ડિંગમાં ઓફિસ નં. ૯૧૩ લઈ પેકેજિંગ પ્રોડક્ટ્સનો ધંધો કરે છે

રાજકોટ, તા. ૧૦
શહેરના કાલાવાડ રોડ પર રહેતા એક મહિલાએ તેમના વેપારી ભાગીદાર વિરુદ્ધ માર મારવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મહિલાએ આરોપ લગાવ્યો છે કે ધંધામાં ધ્યાન આપવા માટે સમજાવતા, તેના ભાગીદારે ઉશ્કેરાઈને તેમની સાથે ગાળાગાળી કરી મને સલાહ આપવી નહિ કહી માર માર્યો અને ધમકી આપી.હતી

ઘટનાની વિગતો જોઈએ તો પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ફરિયાદી જીનલબેન દલસુખભાઇ ઠક્કર (ઉ.વ. ૩૬, રહે. મોટામૌવા, રાજકોટ) એમબીએ સુધીનો અભ્યાસ ધરાવે છે અને ઘરકામની સાથે નોકરીની શોધમાં હતા. ૨૦૨૧માં, ઓનલાઈન જોબ એપ્લિકેશન દ્વારા તેમનો સંપર્ક મૌલી પ્રફુલભાઈ નાદપરા (રહે. આકાશવાણી ચોક, રાજકોટ) સાથે થયો હતો. બંનેએ ૨૦૨૩માં ૧૫૦ ફૂટ રીંગરોડ સ્થિત ધ સ્પાયર બિલ્ડિંગમાં ઓફિસ નં. ૯૧૩ લઈ પેકેજિંગ પ્રોડક્ટ્સનો ધંધો ભાગીદારીમાં શરૂ કર્યો હતો. જીનલબેને મૌલીકના કહેવા પર પોતાના નામે લોન લીધી હતી, જેના હપ્તા સાથે ભરવાનું નક્કી થયું હતું.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, ધંધો શરૂ થયા બાદ મૌલીક નાદપરાએ કામકાજમાં ધ્યાન આપવાનું બંધ કરી દીધું હતું, જેના કારણે ધંધો ધીમો પડી ગયો હતો. જીનલબેને જ્યારે મૌલીકને લોનના હપ્તા ચાલુ હોવાથી ધંધામાં ધ્યાન આપવા માટે સમજાવ્યું, ત્યારે તે સલાહ આપવા બદલ જીનલબેન સાથે ઝઘડો કરવા લાગ્યો હતો.ફરિયાદની મુખ્ય ઘટના ગયા જૂન મહિનાની છે. જીનલબેન તેમની ઓફિસ ખાતે હતા ત્યારે બપોરે આશરે ૧૨ વાગ્યાના અરસામાં, તેમણે મૌલીકને લોનના હપ્તા અને ધંધા બાબતે ધ્યાન દોર્યું. આ વાત પર મૌલીક ઉશ્કેરાઈ ગયો હતો.

ફરિયાદ મુજબ મૌલીકે જીનલબેનને ખરાબ ગાળો આપી, તેમના વાળ પકડી, ગળું પકડીને નીચે પછાડ્યા અને ઢીકાપાટુનો માર માર્યો. એટલું જ નહીં, ઓફિસમાં પડેલો પ્લાસ્ટિકનો નાનો પાઇપ લાવીને પણ શરીર પર માર માર્યો હતો. હુમલા બાદ તેણે ધમકી આપી હતી કે ''હવે મને કોઈ સલાહ ન આપતી, બાકી જાનથી મારી નાખીશ.'' આ ઘટનાની વાત જીનલબેને તેમની ફ્રેન્ડ પૂજા સુર, બહેન માધુરી અને ભાઈ વીરલ વેકરિયાને કરી હતી. જોકે, શરીર પર કોઈ મોટી ઈજા ન હોવાથી તબીબી સારવાર લીધી ન હતી.

હુમલાની ઘટના બાદ જીનલબેને પોલીસમાં અરજી આપી હતી અને હવે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં મૌલીક પ્રફુલભાઈ નાદપરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. એ.એસ.આઇ. વી.ડી. ઝાલાએ ફરિયાદીના નિવેદનના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આગલા દિવસે બે શખ્સ વચ્ચે થયેલી બબાલમાં યુવાન વચ્ચે પડેલો તેનો ખાર રખાયો

# સરધાર પાસે ફિલ્મી દ્રશ્યો યુવક પર હુમલો, કારમાં તોડફોડ

### પાંચ દિકરીઓને સ્કૂલેથી તેડીને આવતાં હતા ત્યારે હરિપર રોડ પર કાર આંતરી ધોકા પાઈપથી હુમલો



રાજકોટ, તા. ૧૦
રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સરધારથી હરીપર જતા રોડ પર ફિલ્મી ઢબે હુમલાની ઘટના બની હતી. હરીપર ગામના રવજીભાઈ પ્રેમજીભાઈ ચાવડાની કારને આંતરી ચાર ઈસમોએ લોખંડના પાઈપ અને લાકડીના ધોકા વડે હુમલો કરી કારમાં ભારે તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું સામે આવ્યું છે. ફરિયાદી રવજીભાઈ ચાવડા પોતાની બે દીકરીઓ સહિત પાંચ દીકરીઓને સ્કૂલેથી લઈને ઘરે પરત ફરતા હતા, ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો.

હુમલાનું મુખ્ય કારણ એક દિવસ પહેલા બનેલો બનાવ હતો. તારીખ ૦૯/૧૨ના બપોરે ત્રણ વાગ્યાની આસપાસ હરીપર ગામે ગામના સુરેશભાઈ સાથે આરોપીઓ સાગર મકવાણા અને રોહિત મકવાણા બોલાચાલી કરી રહ્યા હતા. ફરિયાદી રવજીભાઈ ચાવડા આ બોલાચાલીના સ્થળે હાજર હતા અને તેમણે બંને પક્ષોને શાંતિ રાખવા અને બોલાચાલી ન કરવા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીઓએ રવજીભાઈની આ સમજાવટની વાતનું વેર રાખીને બીજા જ દિવસે તેમની પર હુમલો કર્યો હતો.

રવજીભાઈ પ્રેમજીભાઈ ચાવડા (ઉ.વ. ૪૦, ધંધો ખેતીકામ, રહે. હરીપર ગામ) પોતાની મારુતિ અર્ટીગા કાર નં. ઋઉં ૦૩ ગઇ ૨૫૫૪) કારમાં દીકરીઓ કરીના, વંદના તથા કુટુંબની અન્ય દીકરીઓ વૈશાલી, શિલ્પા, અને એન્જલને વિવેકાનંદ સ્કૂલેથી લઈને પરત ફરી રહ્યા હતા.

સરધારથી હરીપર રોડ પર બાપાસીતારામ ઓટલાની સામે પહોંચતા, ત્રણ મોટરસાયકલ પર આવેલા ચાર શખ્સો સાગર મકવાણા કિશોર મકવાણા, કેવલ મકવાણા અને રોહિત મકવાણા લોખંડના પાઇપ અને લાકડાના ધોકા લઈને આવ્યા હતાં અને તેમની કારને આંતરી દીધી હતી.

કાર પાસે આવી આ ચારેયએ રવજીભાઈને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. રવજીભાઈએ વિનંતી કરી કે કારમાં દીકરીઓ બેઠેલી છે, જેથી ગાળો ન બોલો. આ સાંભળી સાગર મકવાણાએ ઉશ્કેરાઈને લોખંડના પાઈપ વડે કારના આગળના કાચમાં જોરથી પ્રહાર કરી કાચ તોડી નાખ્યો હતો. અન્ય આરોપીઓએ પાછળના ભાગે ધોકા ફટકારી વાઇપર, બ્રેક લાઇટ તોડી નાખી કારમાં ઘોબા પાડી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. સાગર મકવાણાએ રવજીભાઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. રવજીભાઈએ ડરના કારણે તાત્કાલિક કાર ભગાવીને સ્થળ પરથી નીકળી ગયા હતા અને બાદમાં પોતાના મોટાભાઈ મનસુખભાઈ અને પિતરાઈ ભાઈ ખીમજીભાઈ સાથે આજીડેમ પોલીસ સ્ટેશન પહોંચી ચારેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે. એ.એસ.આઈ. જે.કે. કુરીયા દ્વારા આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ચોરીના અવાર-નવાર બનતા બનાવોમાં રીઢા ચોર જ સામેલ હોય એવું નથી હોતું!

# મિત્રએ ૧૧ લાખની કરી ચોરી!

### જે સમયે હીરાનો ભાવ પંચોતેર હજાર હતો ત્યારે ભાગીદાર મિત્રએ પચ્ચીસ હજાર જ આવે કહી હીરા પાછા આપી દીધાઃ દુઃખી થયેલા મિત્રએ પાઠ ભણાવાવ નકલી ચાવી બનાવી તિજોરીમાંથી રોકડ-હીરા ચોરી લીધા



રાજકોટ, તા. ૯
ચોરીઓના અમુક બનાવો એવા હોય છે જેમાં કોઇ રીઢા ગુનેગારો તસ્કરો નહિ પણ ઘરના જ કે પરીચીતો કે મિત્રો સંડોવાયેલા હોય છે. આવી જ એક ઘટનાનો પર્દાફાશ થયો છે. દસ લાખની ચોરીની ઘટના બની હતી, જેમાં તિજોરીનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી દસ લાખના હીરા ઉસેડી જવાયા હતાં. આ ઘટનામાં ચોર બીજુ કોઇ નહિ પણ હીરાના કારખાનેદારનો મિત્ર જ હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસે આ શખ્સને પકડી લઇ હીરા અને રોકડ કબ્જે લેવા તજવીજ કરી હતી. મિત્રએ એક સમયે હીરાનો ભાવ પંચોતેર હજાર હતો છતાં પચ્ચીસ હજાર જ ભાવ ચાલે છે તેમ કહી હીરા લઇ ઓછી રકમ આપી હોઇ જેથી આ બાબતની દાઝ રાખી મિત્રએ મિત્રના કારખાનામાં ચોરી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરતમાં હીરાના કારખાનાની ડુપ્લિકેટ ચાવી બનાવી તેમાંથી દસ લાખના હીરા અને એક લાખ પંદર હજારની રોકડ ચોરીની ઘટનામાં પોલીસે કારખાનેદારના મિત્રની જ ધરપકડ કરી હતી. આરોપીના સી.ડી.આરના એનાલિસિસ દરમિયાન ચોરી પહેલાં બે અને પછીના બે દિવસ વતનમાં તેનું મોબાઈલ લોકેશન બતાવતું હતું. પરંતુ ચોરીના દિવસે તેનો ફોન કામરેજથી બંધ થયાનું અને નવેક કલાક બાદ ફરીથી કીમમાં ચાલુ થયાનું કારણ પોલીસને શંકા ઉપજાવનારૂં લાગતા ચોર સુધી પોલીસ પહોંચી હતી. વિગતો જોઇએ તો કાપોદ્રાના શ્રીજીનગરમાં હીરાનું કારખાનું ધરાવતા દિનેશ લાખા સાવલિયાના કારખાનામાં ડુપ્લિકેટ ચાવી બનાવી ચોરી કરવામાં આવી હતી.

પોલીસે તપાસ કરતાં સામે આવ્યુ હતું કે આ ચોરીમાં ડુપ્લિકેટ ચાવીનો ઉપયોગ થયો હોઈ ચોક્કસ કોઇ જાણભેદું સામેલ હોઇ શકે છે.. કારખાનેદારે પણ કેટલાક નામો શકમંદ તરીકે સૂચવ્યા હતા, પરંતુ તપાસમાં કશું નીકળ્યું ન હતું. જોકે એ.એસ.આઈ. પંકજ સુરેશચંદ્રની ધીરજે આખો ભેદ ઉકેલી નાંખ્યો હતો. ચોર ફરિયાદીની નજીકનો જ હોય સૌથી પહેલાં તેમનાં સી.ડી.આર. મેળવવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ વખત વિપુલ મુકેશ ડામોનું મળ્યું હતું. ફરિયાદીના કારખાનેથી થોડેક દૂર આવેલા કારખાનામાં વિપુલ નોકરી કરતો હોવાનું બહાર આવ્યું હતું.

વધુ માહિતી મુજબ વિપુલના ચોરીના સમયગાળા દરમિયાન તેના વતન દાહોદ હોવાનું જણાઈ આવ્યું હતું. તેનો સી.ડી.આર. મેળવવામાં ચોરીના પહેલાં બે અને પછીના બે દિવસ તો તેનું લોકેશન તો ગોધરા જ હતું, પરંતુ ચોરી થઇ તેના બપોર બાદ તેનો ફોન બંધ થઈ ગયો. આ ફોન કામરેજથી બંધ થયો હતો. નવેક કલાક બાદ ફોન પરત કીમ પાસે ચાલુ થયો હતો. કશું ખોટું કરવામાં આવે ત્યારે ગુનેગારો દ્વારા આચરવામાં આવતો કીમિયો પોલીસથી અજાણો નહિ હોય વિપુલને ચકી લાવવામાં આવ્યો હતો. આગવી ઢબે પુછપરછ કરવામાં આવતાં જ તે ભાંગી પડયો હતો અને ચોરીની કબુલાત કરી હતી.

પોલીસ સમક્ષ કબુલાત મુજબ વિપુલ અને દિનેશ વચ્ચે ગાઢ મિત્રતા સાથે ધંધાદારી સંબંધ હતો. તે તેને હીરા વેચવા આપતો હતો. ગુલાબી હીરા દિનેશને વેચવા આપ્યા હતા અને પંચોતેર હજારનો ભાવ કીધો હતો. તે વખતે આ હીરા પચ્ચીસ હજારના જ હોવાનું કહી પરત આપી દેતાં વિપુલે સબક શીખવવા ચોરીનો પ્લાન બનાવી ડુપ્લીકેટ ચાવી બનાવી લીધી હતી અને તક મળતાં જ ચોરી કરી લીધી હતી. દોસ્તીમાં દગાખોરીની આ ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે. જો કે અહિ બીજા મિત્રની ખોરી દાનત પણ તેના મિત્રને ખોટુ કરવા તરફ દોરી ગયાનું નકારી શકાય તેવું નથી.

# ભાડું ૩૦૧૨-વિદ્યાર્થી દીઠ ફી ૨૩ હજાર!

### મહાનગરપાલિકા દ્વારા રણછોડનગરની માધ્યમિક શાળાનું સંચાલન સૌરાષ્ટ્ર શિક્ષણ સેવા સમાજને ૧૦ વર્ષ માટે લીઝ ઉપર આપવા ત્રીજી વખત દરખાસ્ત

રાજકોટ, તા. ૧૦
મહાનગરપાલિકા દ્વારા રણછોડનગર શેરી નં.૧૦માં બનાવાયેલી માધ્યમિક શાળાનું સંચાલન કરતી સૌરાષ્ટ્ર શિક્ષણ સેવા સમાજ ટ્રસ્ટને વધુ ૧૦ વર્ષના લીઝ પર સોંપવાની દરખાસ્ત ફરી એકવાર સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ આવી છે. ઉલ્લેખનીય છે કે, આ દરખાસ્ત અગાઉ બે વાર પેન્ડિંગ રાખવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૫માં રણછોડ વાડી સોસાયટી શેરી નં.૧૦માં માધ્યમિક શાળા બનાવવામાં આવી છે. આ શાળાનું સંચાલન ૧૯૯૭થી સૌરાષ્ટ્ર શિક્ષણ સેવા સમાજ ટ્રસ્ટને માસિક રૂ.૨૫૧ના ભાડે લીઝ પર આપવામાં આવી છે.

શાળાના સંચાલક મંડળ દ્વારા નર્સરી/ એલ.કે.જી. અને બાલ વાટિકા વિભાગમાં એક વિદ્યાર્થી દીઠ રૂ.૨૩ હજારની વાર્ષિક ફી લેવામાં આવે છે. આ વિભાગમાં કુલ ૧૧૯ વિદ્યાર્થીઓ છે. આ મુજબ કુલ રૂ.૨૭ લાખ ૩૭ હજાર ધો. ૧થી ૮માં વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૨૬ હજાર મુજબ કુલ ૩૭૧ વિદ્યાર્થીની રૂ.૯૬ લાખ ૪૬ હજાર અને




ધો. ૯થી ૧૨ના ૧૫૨ વિદ્યાથીઓ પાસેથી વાર્ષિક રૂ. ૨૯ હજાર લેખે કુલ રૂ. ૪૪,૦૮ લાખની ફી વસુલવામાં આવી છે. આ સંસ્થા દ્વારા સ્માર્ટબોર્ડ, બિલ્ડિંગ રિનોવેશન સહિત રૂ.૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હોવાનો દાવો કરી લીઝની મુદત વધારવા માંગણી કરવામાં આવી છે. સંસ્થા દ્વારા ૩૦ વર્ષ માટે લીઝ મુદત વધારી આપવા માંગણી કરાઈ છે. લીઝની મુદત તા. ૩૧ ડિસેમ્બરે પુર્ણ થતી હોય ૩૦ વર્ષને બદલે ૧૦ વર્ષ માટે આ શાળા સંસ્થાને લીઝ પર આપવા અને નવું લીઝ ડીડ કરવાની શરતે મંજૂરી આપવા કમિશનર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.

# SIRની પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ

## ૯૯.૯૭ ટકા કામગીરી પૂર્ણ થઈ હોવાનો ચૂંટણી પંચનો દાવો : જિલ્લામાં ૨૩.૯૧ લાખ મતદારો પૈકીના ૨૦.૪૬ લાખનું IF અને ૩.૪૪ લાખનું ASD તરીકે ડીજીટાઈઝેશન

રાજકોટ, તા. ૧૦

રાજ્યમાં મતદાર યાદી સુધારણાની કામગીરી હવે તેના અંતિમ ચરણમાં છે. આગામી ૧૧ ડિસેમ્બરે ગણતરીનો તબક્કો પૂર્ણ થશે, જેની સાથે સમગ્ર પ્રક્રિયાનું સમાપન થશે. ચૂંટણી પંચે દાવો કર્યો છે કે ૯૯.૯૭% કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને નોંધનીય છે કે ૧૭ જિલ્લામાં ૧૦૦% કામગીરી પૂર્ણ થઈ હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. ત્યારે રાજકોટમાં પણ આજે અંતિમ દિવસ છે. જે આજે રાત્રે એટલે કે ૧૨ વાગ્યે મતદાર યાદી લોક થઈ જશે. જે બાદ તા.૧૬થી મતદાર યાદીમાં સુધારા થઈ શકશે. અહીં એ ઉલ્લેખનીય છે કે જિલ્લામાં ૨૩.૯૧ લાખ મતદારો પૈકીના ૨૦.૪૬ લાખ મતદારોનું ઈએફ અને ૩.૪૪ લાખ મતદારોનું એએસડી તરીકે ડીજીટાઈઝેશન પૂર્ણ કરી દેવામાં આવેલ છે. મતદાર યાદી સુધારા કાર્યક્રમની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થયેલ છે.

જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમની કામગીરી દરમ્યાન ૪૦૦૦ જેટલા બીએલઓએ વિધાનસભા વિસ્તાર અને બુથવાઈઝ ડોર ટુ ડોર ફરી મતદાર ગણતરી પોર્મ વિતરણ કર્યા હતા. તેમજ મતદારો પાસે ફોર્મ ભરાવી બીએલઓ એપમાં તેનું ડીજીટાઈઝેશન કરવામાં આવેલ હતું. જિલ્લાની આઠેય વિધાનસભા વિસ્તારોમાં ૬૪૭૧૦ જેટલા મતદારો મતદાર યાદીમાં દર્શાવેલા સ્થળ પર મળી આવેલ નથી. જયારે ૧.૭૧ લાખ મતદારોનું સ્થળાંતર અને ૧૦૩૭૧ મતદારેના નામો બેવડાયેલા નિકળ્યા છે. હવે આજે મતદારયાદી સુધારણા કાર્યક્રમનો અંતિમ દિવસ રહ્યો છે.આ કામગીરી પૂર્ણ થયા બાદ તા.૧૬ના તમામ મતદાન મથકો પર મતદાર યાદીનો મુસદો પ્રસિધ્ધ કરી દેવાશે. આજે રાત્રીના ૧૨ વાગ્યે મતદાર યાદી લોક થઈ જશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત રાજ્યની જો વાત કરવામાં આવે તો આ બાબતે ૧૧.૫૮ લાખથી વધુ ડબલ એન્ટ્રી હોવાનું સામે આવ્યું છે, જેના નામોની ચકાસણી કરવા માટે પંચ દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે.૧૮ લાખથી વધુ મતદારો મૃત્યુ પામ્યા હોવાનું તારણ આવ્યું છે.૧૦.૩૭ લાખ મતદારો એવા છે જેઓ દર્શાવેલા સરનામે મળી આવ્યા નથી. સકારાત્મક બાબત એ છે કે ૪૦.૪૭ લાખથી વધુ મતદારો કાયમી (કન્ફર્મ) થયા છે, જે યાદીને મજબૂત બનાવે છે. ચૂંટણી પંચ દ્વારા યાદીને સંપૂર્ણપણે ભૂલમુક્ત બનાવવા માટે આખરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ, સુધારેલી અને ચોક્કસ મતદાર યાદી જાહેર કરવામાં આવશે.




# અરવિંદ મણીયાર હોલ હજુ લોકો માટે બંધ

### અદ્યતન હોલ બનાવ્યા બાદ ભાડા થયા નક્કી છતાં સ્ટેન્ડિંગમાં ન આવી દરખાસ્ત






રાજકોટ, તા. ૧૦

મહાનગરપાલિકા અનેક માળખાકીય સુવિધાઓ વિકસિત કરવા માટેના પગલાંઓ લઈ રહી છે એટલું જ નહીં શહેરમાં ઘણા ખરા કોમ્યુનિટી હોલ ને પણ નવીન અને અદ્યતન બનાવવામાં આવી રહ્યા છે ત્યારે હાલ રાજકોટમાં અરવિંદભાઈ મણિયાર હોલ અધ્યતન બનાવવામાં આવ્યો પરંતુ હજુ સુધી લોકો માટે તેને ખુલ્લો કરવામાં આવ્યો નથી. એવી રીતે વોર્ડ નંબર એકમાં આવેલા સંતોષ પાર્ક નજીક જે અદ્યતન કોમ્યુનિટી હોલ નું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું તે પૂર્ણ પણ થઈ ગયું છે અને હજુ સુધી આ હોલ લોકોને સોંપવામાં આવ્યો નથી ત્યારે બંને હોલના ભાડા અને સંચાલનની દરખાસ્ત આજની સ્ટેન્ડિંગમાં ન આવતા અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનમાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે જેમાં બે વર્ષ પહેલાં નાણાવટી ચોક પાસે આવેલા સંતોષ પાર્ક મેઇન રોડ ઉપર અધ્યતન કોમ્યુનિટી હોલ નું નિર્માણ કાર્ય શરૂ કર્યું હતું જેનું લોકાર્પણ મુખ્યમંત્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું છતાં પણ આ હોલ હજુ બંધ છે અને તેનો ઉપયોગ થઈ શકતો નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર આશા હતી કે આ સ્ટેન્ડિંગ બેઠકમાં આ મામલે દરખાસ્ત કરવામાં આવશે પરંતુ તે પણ કરવામાં આવી નથી તેને લઈ અનેક પ્રશ્નો ઉભા થયા છે.

વોર્ડનં.૧માં રૈયારોડ વિસ્તારના સંતોષ પાર્ક મેઈન રોડ પર રૂ. ૧૨. ૮ કરોડના ખર્ચે બે માળનો ૫૧૦૫ ચોરસ મીટરના બાંધકામમાં કોમ્યુનીટી હોલ, ડાઈનીંગ હોલ, કીચન, સ્ટોર તથા રૂમ સહિતની સુવિધા સાથેનો એસી. અને નોન એસી. કોમ્યુનીટી હોલ બનાવામાં આવ્યો છે. જેના ભાડા અંગેની વિગતો પણ તૈયાર થઇ ગઇ છે. પરંતુ ગમે તે કારણે સ્થાયી સમિતિમાં દરખાસ્ત આવી નથી. જયુબીલી ગાર્ડનમાં ઐતિહાસિક મણીયાર હોલનું બીજી વખત રીનોવેશન કરવામાં આવ્યું છે. તેનું સંચાલન અને નવા ભાડા પણ નકકી થઇ રહ્યા છે. હવે આ હોલના ઉપયોગ અંગે પણ હજુ કોઇ કાર્યવાહી ન થતા બંને હોલ બંધ હાલતમાં પડયા છે.

# TP-36ની વાંધા અરજી માટે 5મી સુધીની મુદત

## સરકારને ડ્રાફ્ટ સ્કીમ મોકલવાની બાકી : પાંચમી જાન્યુઆરીએ જનસભા

રાજકોટ, તા. ૧૦

મહાનગરપાલિકા દ્વારા ૨૦ મેના રોજ ઠરાવ મંજૂર કર્યા બાદ ઘંટેશ્વર ટીપી નંબર ૩૬ નો મુસદ્દો જાહેર કરવામાં આવ્યો હતો અને જમીન માલિકો તથા હિત સંબંધ ધરાવનાર આસામીઓને વિસ્તૃત સમજૂતી આપવા માટે તેમજ વાંધા સૂચનો રજૂ કરવા માટેની તાકીદ પણ કરવામાં આવી હતી. આરટીપી સ્કીમ યોજના ના મંજૂરી અર્થે સરકારમાં દરખાસ્ત કરવામાં આવશે જે અંગે હજુ બાકી રહી ગયેલા ખાતેદારો ને કોઈ વાંધા સૂચનો હોય તો રજૂ કરવા માટે વધુ એક તક આપવામાં આવી છે ત્યારે પાંચ જાન્યુઆરી સુધી તમામ વ્યક્તિઓ વાંધા સુચનો રજૂ કરી શકશે અથવા તો કચેરીએ મોકલી શકશે ત્યારબાદ મંજૂરી અર્થે સરકારને ડ્રાફ્ટ મોકલવામાં આવશે તેવું હાલ જાણવા મળ્યું છે.



ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભાએ ૨૦ મે ના રોજ ઠરાવનં.૦૭ થી મુસદ્દારૂપ નગરરચના યોજનાનં. ૪૬(ઘંટેશ્વર) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો હતો. આયોજનામાં રેવન્યુ સર્વે નંબર તથા તેના પેટા ભાગોના વિસ્તારોનો સમાવેશ થાય છે. ગામ ઘંટેશ્વરનાં રેવન્યુ સર્વે નં. ૧, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦. ૫૧, ૫૨. ૫૩, ૫૪, ૫૫, ૭, ૫૭, ૫૮, ૫૯, ૫૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૭૯, તથા સરકારી ખરાબાના રે.સ.નં. ૧૫૦/પૈકીની જમીન આથી નિયમો-૧૯૭૯નો નિયમનં.૧૭ની જોગવાઈ હેઠળ ઉપરોકત યોજનાનં.૪૬ (ઘંટેશ્વર)ની જમીનોની કામચલાઉ દરખાસ્તો ઘડીને જમીન માલીકોની સભા પાંચ જાન્યુઆરીના રોજ બોલાવવામાં આવેલ હતી.

જેમાં જમીન માલીકો તથા હિત સંબંધ ધરાવનાર આસામીઓને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપવામાં આવેલ શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ પેટા કલમ (૧) (૨) તથા નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮ની જોગવાઈઓ હેઠળ યોજનાનો મુસદ્દો ઘડીને યોજનાની જોગવાઈઓને પારપાડવા માટેના વિનિયમોનો મુસદ્દો એકસ્ટ્રા ઓર્ડીનરી રાજયપત્ર નં.૮૨૭૭ વોલ્યુમ ક્ડટઈ પેજ નં.૨ તા.૦૬/૧૨/૨૦૨૫ થી પ્રસિધ્ધ થયેલ છે. જે મુજબ એકમાસ સુધીમાં આ યોજના હેઠળ અસર પામેલ કોઈ વ્યકિત કે હિત સંબંધ ધરાવતી વ્યકિત આવી યોજના અંગેના કોઈ વાંધા સુચનો રાજકોટ મહાનગરપાલિકાને લખી જણાવશે તો મહાનગરપાલિકા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૭ની જોગવાઈ હેઠળ યોજનામાં ગુણવતાના ધોરણે યોગ્ય લાગે તેવા ફેરફારો વિચારણામાં લેશે.

# પોલીસ હોકી ચેમ્પિયનશિપ અંતિમ તબક્કામાં

## પ્રિ ક્વાર્ટર ફાઈનલ મેચમાં ૧૬ ટીમો વચ્ચે મુકાબલો : કાલે ક્વાર્ટર ફાઈનલ

રાજકોટ , તા. ૧૦

રાજકોટ ખાતે ગત તા. ૪ ડિસેમ્બરથી પ્રારંભ થયેલી ૭૪ મી ઓલ ઇન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬ હવે તેના અંતિમ ચરણમાં પ્રવેશી છે. રાજકોટના સૌરાષ્ટ્ર યુનિવર્સીટી હોકી ગ્રાઉન્ડ તેમજ રેસકોર્સ સ્થિત મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચમાં ૧૬ ટીમો વચ્ચે મુકાબલો શરૂ થઈ ચૂક્યો છે.

યુનિવર્સીટી ગ્રાઉન્ડ ખાતે આયોજિત પુરુષોની પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચમાં બી.એસ.એફ. ટીમ ૫-૧ થી વિજેતા બની હતી. મેચ પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમના કેપ્ટન મનીષકુમાર તેમજ મેન ઓફ ધી મેચ કમલજીત સિંધુને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતાં. આ તકે નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદી તેમજ ગીરગંગા પરિવારના હીરાભાઈ હુંબલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું એ.સી.પી. ટ્રાફિક વિનાયક પટેલના હસ્તે મેમેન્ટો આપી સન્માન કરાયું હતું.



અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસ દ્વારા આયોજિત ૭૪ મી ઓલ ઇન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ અંતર્ગત રાજકોટના મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ રેસકોર્સ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના હોકી ગ્રાઉન્ડ ખાતે મેચ રમવામાં આવી રહી છે. આગામી તા. ૧૨ ના રોજ ક્વાર્ટર ફાઈનલ તેમજ તા. ૧૩ ના રોજ સેમી ફાઈનલ અને તા. ૧૪ ડીસેમ્બરના રોજ ફાઈનલ મેચ રમાશે. અંતિમ દિવસે કલોઝિંગ સેરેમની કાર્યક્રમ સાથે ચેમ્પિયનશિપની પૂર્ણાહુતિ જાહેર થશે.

# સરકાર માન્ય એજન્સી પાસેથી જ કામો થશે

## મ્યુનિસિપલ કમિશનરને સોપાઈ જવાબદારી : સ્ટેન્ડિંગમાં દરખાસ્ત : શહેરી વિકાસ વિભાગે લીધો નિર્ણય, મનપાની લાલિયા વાડી હવે નહીં ચાલે

રાજકોટ, તા. ૧૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે પછી તેમાં સરકારી કાર્યક્રમો હોય કે પછી મોટી ઈવેન્ટ હોય તેમાં વિવિધ વ્યવસ્થાઓ માટે એજન્સીઓ સાથે રેટ કોન્ટ્રાક્ટ કરવામાં આવતો હોય છે. ત્યારે હવે રાજ્ય સરકાર દ્વારા તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનઓને સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી એજન્સી મારફતે નાસ્તાથી માંડી મંડપ સાઉન્ડના કામો કરવા સૂચના આપવામાં આવી છે. જેથી હવે સરકારની એજન્સીને જ એમપેનલ કરવા માટેની સત્તા કમિશનરને આપવામાં આવશે જે અંગેની દરખાસ્ત આજની સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કરવામાં આવી છે.




સરકારના નિર્ણયથી આર્થિક પ્રશ્નો જે ઊભા થતા તેમાં ઘણાખરા અંશે નિવારણ આવી જશે અને આનુસંગિક સામાન્ય ખર્ચની દરખાસ્ત પણ કમિશનરે સ્ટેન્ડિંગ કમિટીમાં જે મોકલવાની હોય છે તેમાં ઘણા ખરાબ વખતે અનેકવિધ વિવાદો ઉભા થતા હતા જે હવે નહીં થાય. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજયભરમાં શહેરી વિકાસ વર્ષના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ચાલુ વર્ષ શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજકોટ કોર્પો. દ્વારા કાર્યક્રમો ચાલી રહ્યા હોય, સરકાર એમ્પેનલ કરાયેલ એજન્સીઓ પાસે કામગીરી કરવા સૂચના આપી છે. સરકારનો આ નિર્ણય ઘણાખરા અંશે ખૂબ ઉપયોગી પુરવાર થશે કારણકે અત્યારે મહાનગરપાલિકા તેમની મનસુફી મુજબ એજન્સીઓને કામ આપતી હોય છે અને બિલમાં ઘણા ખરા પ્રશ્નો ઊભા થતા હોય છે જે ન થાય તે માટે સરકાર દ્વારા તમામ મહાનગરપાલિકાઓને સૂચિત કરવામાં આવી છે અને સરકાર એમપેનલ્ડ થયેલી એજન્સીઓને જ કામગીરી સોંપવા આદેશ કર્યો છે જેના માટે મ્યુનિસિપલ કમિશનરને જવાબદારી સોંપવામાં આવી છે.

આ કાર્યક્રમોના ખર્ચ જેટલી નાણાંકીય મર્યાદામાં વધારો કરી આપવા તેમજ આનુસાંગિક થનાર તમામ ખર્ચ, ખરીદી માટે એડવાન્સ ખર્ચ મંજુર થવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સરકારના ઈવેન્ટ મેનેજમેન્ટ માટે નિયુક્ત કરેલ એજન્સીને એમ્પેનલ કરવા સૂચના આપતા ઈવેન્ટ મેનેજમેન્ટ માટે નિયુક્ત કરેલ એજન્સીઓને મહાનગરપાલિકામાં એમ્પેનલ કરવા તથા ભવિષ્યમાં એમ્પેનલ કરવામાં આવનાર એજન્સીઓને કામ આપવા કમિશ્નરને અધિકૃત કરવા અંગે આવતીકાલે નિર્ણય લેવાશે. આથી હવે તત્કાલ કરવાના ખર્ચની દરખાસ્તો સ્ટે.કમીટીમાં નહીં આવે અને કમિશ્નર કક્ષાએ ખર્ચની મંજૂરી આપી શકાશે.

॥ ઋણ સ્વીકાર ॥



સ્વ. શ્રી મનસુખભાઈ છગનલાલ જોશી

જન્મ.તા. ૨૭/૧૨/૧૯૩૩ • દેહવિલય તા. ૧૦/૧૧/૨૦૨૫

ગુજરાત રાજ્યનાં પૂર્વ શ્રમ અને રોજગાર વિભાગનાં કેબીનેટ મંત્રીશ્રી અને અમારા કુટુંબ/સંસ્થાના મોભી શ્રી મનસુખભાઇ છગનલાલ જોશીનાં દુઃખદ અવસાનની વસમી વેળાએ આપ સૌ કોઇ સ્નેહીજનો, રાજકીય, સામાજીક, આર્થિક, ધામિક અગ્રણીશ્રીઓ, તેમજ સોશ્યલ પ્રિન્ટ, ઇલેક્ટ્રોનીક મીડીયા તેમજ રૂબરૂ અને શોક સંદેશ દ્વારા અમારા દુઃખમાં સહભાગી થવા બદલ તેમજ અમારા દુઃખમાં ભાગ લઇ અમને હિંમત, સાંત્વના અને સાથ આપવા બદલ અમે કૃતજ્ઞતા વ્યક્ત કરી આપ સૌનો ઋણ સ્વીકારીને આભાર પ્રગટ કરીએ છીએ.

🙏 પ્રથમ માસિક પૂણ્યતિથિ 🙏

ગં.સ્વ. સુશીલાબેન મનસુખભાઇ જોશી
ડો. યજ્ઞેશભાઇ મનસુખભાઇ જોશી
શ્રી મેહુલભાઇ મનસુખભાઇ જોશી તથા સમસ્ત જોશી પરિવાર

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# જંગલી જમાત

## મહા જોખમ સામે નિષ્ક્રિયતાના ઘાતક પરિણામો શરુ



સૌરાષ્ટ્રની ધરતી પર ગામે-ગામ ખાંભી-પાળિયા જોવા મળે છે. આ પાળિયા વીરલાઓના છે, જે અન્ય માટે લડીને શહીદ થયા છે. કાઠીયાવાડની ધરામાં અસંખ્ય કહાનીઓ એવી છે કે ગામની બહેનો-દીકરીઓ આબરૂ બચાવવા વીરલાઓએ જીવ દીધા છે. આવા વીરોની ઉર્જા પાળિયામાં ધબકતી હોય છે.

આવી બહાદુરીભરી પરંપરા ધરાવતા સૌરાષ્ટ્ર-કચ્છમાં બહેનો-દીકરીઓ તો ઠીક, ફૂલ જેવી બાળકીઓનો પણ લાજ લૂટીને લોહીલુહાણ કરાઈ રહી છે. આવી જંગલી - રાક્ષસી જમાત ગામે ગામ ફેલાઈ રહી છે. અને સૌરાષ્ટ્રના લોકો મૌન રહીને સહન કરી રહ્યા છે. આપણી પરંપરાગત ખુમારી-તાકાત-લાગણી અદ્રશ્ય થઇ ગયા છે.

સૌરાષ્ટ્રની રાજધાની ગણાતા રાજકોટ પાસેના ગામમાં સાત વર્ષની એક બાળકીને જંગલી જમાતે ઉઠાવી અને દુષ્કર્મ કરવાના ઈરાદે બાળાના ગુપ્તાંગમાં લોખંડના સળીયા ઘુસાડીને લોહી લુહાણ કરી દીધી. માનવતા ખળભળી જાય તેવી આ ઘટમાં આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી લીધાનો જશ પોલીસ લઇ રહી છે, પણ જંગલી જમાત સમગ્ર સૌરાષ્ટ્રમાં રાક્ષસી તાંડવ કરે છે. તેની શરમ પોલીસને આવતી નથી. આ ઘટનામાં ઝડપાયેલો આરોપી મધ્યપ્રદેશનો છે.

પરપ્રાંતીય ક્રૂર-જંગલી જમાત મોટા પાયે સૌરાષ્ટ્રમાં ફેલાઈ ગઈ છે. ભયાવહ ગુન્હાઓ સતત વધી ગયા છે. પોલીસ તંત્રની અને સમાજની નિષ્ક્રિયતાના કારણે આ જંગલી જમાતે નિર્ભયા જેવા કાંડો પણ શરુ કરી દીધા છે.

ખેત મજૂરની બાળકી પર ક્રૂર રાક્ષસી હુમલો થયો અને લોહીલુહાણ કરી દીધી, ઘણા રાષ્ટ્રીય મીડીયાએ પણ આ ઘટનાની નોંધ લીધી, પણ સૌરાષ્ટ્રના લોકોની કોઈ જ પ્રતિક્રિયા નહિ....

આપણે વડવાઓના પાળિયા પૂજવાની લાયકાત ગૂમાવી દીધી હોય તેમ નથી લાગતું ? વડવાઓએ જંગલી તત્વો સામે મરણિયા જંગ ખેલીને બહેનો-દીકરીઓની આબરૂ બચાવી હતી. આપણે મરણિયા જંગની કે શહીદ થવાની જરૂર નથી. જંગલી રાક્ષસોની સમસ્યા સામે ગામે ગામ આક્રોશ ફેલાય તો પણ સત્તાધીશો અને પોલીસ તંત્ર ધ્રુજી જાય તેમ છે. લોકોએ સહન કરવાને બદલે ગુન્હાખોરી સામે સક્રિય થઈને જવાબદારોને જવાબદારીનું ભાન કરાવવુ જરૂરી છે.

કોઈ પરિવાર ક્રૂરતાનો ભોગ બને અને મારે શું ? તેવું માનનારા લોકોએ યાદ રાખવાનું છે કે જંગલી રાક્ષસોની ક્રૂરતાનો રેલો પોતાના ઘર સુધી આવશે ત્યારે સમાજ કહેશે, અમારે શું ?

બેફામ-વ્યાપક બનેલી ગુન્હાખોરી-નશાખોરી સામે દરેક સમાજ એક બનીને અવાજ ઉઠાવે-આક્રોશ ઠાલવે તે જરૂરી છે.

" પ્રેમભક્તિના હસ્તાંક્ષરે "

ભૂલ એ જીવનનું એક પાનું છે,
પણ સંબંધ એ આખું પુસ્તક છે.
જરૂર પડ્યે ભૂલનું પાનું ફાડી નાખજો,
પણ એક પાના માટે આખું પુસ્તક ક્યારેય નહીં ફાડતા.

પૂ ભક્તિ સ્વામીજી (હિન્દૂ રાષ્ટ્રહિત રક્ષક )



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# દિવાળી અમૃત વિશ્વ ધરોહર

## યુનેસ્કોની જાહેરાત : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વ્યક્ત કર્યો રાજીપો



નવીદિલ્હી, તા. ૧૦
ભારતના સૌથી મોટા સાંસ્કૃતિક તહેવાર, દિવાળીને યુનેસ્કોની માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિષ્ઠિત યાદીમાં સત્તાવાર રીતે સામેલ કરવામાં આવ્યો છે. આજે દિલ્હીના લાલ કિલ્લા પરથી આ જાહેરાત કરવામાં આવી હતી, જ્યાં યુનેસ્કો આંતર-સરકારી સમિતિનું ૨૦મું સત્ર યોજાઈ રહ્યું છે. વડા પ્રધાન મોદીએ આ જાહેરાત પર ખુશી વ્યક્ત કરી હતી. યુનેસ્કોએ સોશિયલ મીડિયા પર પણ ભારતને અભિનંદન પાઠવ્યા હતા, આ જાહેરાત કરી હતી. ભારત સિવાય અન્ય ઘણા દેશોના સાંસ્કૃતિક ચિહ્નોનો પણ આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. દિવાળી પહેલા, ૧૫ ભારતીય વારસા સ્થળોને અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુનેસ્કોના નિર્ણય પર ખુશી વ્યક્ત કરી હતી. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા તેમણે લખ્યું હતુ કે ભારત અને વિશ્વભરના લોકો આ સમાચારથી ઉત્સાહિત અને ગર્વ અનુભવે છે. અમારા માટે, દિવાળી માત્ર એક તહેવાર નથી, પરંતુ તે આપણી સંસ્કૃતિ અને આપણા મૂલ્યો સાથે ઊંડે સુધી જોડાયેલ છે. તે આપણી સભ્યતાનો આત્મા છે. તે પ્રકાશ અને ધર્મનું પ્રતીક છે. વધુમાં જણાવ્યું હતું કે યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં દિવાળીનો સમાવેશ આ તહેવારને વૈશ્વિક સ્તરે વધુ લોકપ્રિય બનાવશે. ભગવાન શ્રી રામના આદર્શો આપણને હંમેશા માર્ગદર્શન આપતા રહે.

યુનેસ્કોએ ૧૦ ડિસેમ્બરે દિવાળીનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો. અગાઉ પંદર અન્ય પરંપરાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. હવે, આ યાદીમાં કુલ ૧૬ પરંપરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં, કુંભ મેળો, યોગ, વૈદિક મંત્રોચ્ચાર, રામલીલા, કોલકાતાની દુર્ગા પૂજા, ગરબા, કેરળનું મુદીયેટ્ટુ, છાઉ નૃત્ય, બૌદ્ધ મંત્રોચ્ચારની હિમાલયની પરંપરા, નવરોઝ અને સંક્રાંતિ, પોંગલ અને વૈશાખી જેવા તહેવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. યુનેસ્કોની જાહેરાત પર, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે આપણી હજારો વર્ષ જૂની સનાતન પરંપરાઓની દિવ્યતા અને સાર્વત્રિકતાને સર્વોચ્ચ વૈશ્વિક પ્લેટફોર્મ પર માન્યતા આપવામાં આવી છે. યુનેસ્કોની પ્રતિષ્ઠિત અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં પ્રકાશના તહેવાર દિવાળીનો સમાવેશ દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ છે. આ સન્માન પ્રકાશ, સંવાદિતા અને ગૌરવના દિવાળીના શાશ્વત મૂલ્યોની વૈશ્વિક સ્વીકૃતિનું પ્રતીક છે. દિવાળી માત્ર એક તહેવાર નથી, પરંતુ તે આધ્યાત્મિક પ્રકાશ છે જે સદીઓથી માનવતાને સત્ય, આશા અને નૈતિકતાના માર્ગ પર દોરી રહ્યો છે.

# PM મોદી EVM નહીં લોકોના દિલ હેક કરે છે

### ભાજપના સાંસદ કંગના રનૌતે કહ્યું, કોંગ્રેસ દાવો કરે છે કે જૂના સમયમાં મતદાન શ્રેષ્ઠ હતું : તે સમયે ગોટાળા થયા હતા



નવીદિલ્હી, તા. ૧૦
સંસદમાં ચૂંટણી સુધારા પર ચર્ચા દરમિયાન, ભાજપના સાંસદ કંગના રનૌતે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી EVM હેક કરતા નથી, પરંતુ લોકોના હૃદયને હેક કરે છે. કંગના રનૌતે વિપક્ષી પક્ષોના આરોપોનો જવાબ આપતા આ નિવેદન આપ્યું હતું. ચૂંટણી સુધારા પર લોકસભાની ચર્ચા ૯ ડિસેમ્બરે શરૂ થઈ હતી. કોંગ્રેસ પાર્ટીએ EVM સાથે છેડછાડનો મુદ્દો ઉઠાવ્યો હતો, એવી દલીલ કરી હતી કે લોકોને EVM વિશે શંકા છે, અને આને દૂર કરવા માટે, આગામી રાજ્ય ચૂંટણીઓ બેલેટ પેપરનો ઉપયોગ કરીને યોજવી જોઈએ. વધુમાં, વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ ચૂંટણી સુધારા પર ચર્ચા દરમિયાન મોદી સરકાર અને ભાજપની ટીકા કરી હતી, અને તેમના પર ચૂંટણી પંચ સાથે મિલીભગતનો આરોપ લગાવ્યો હતો.

આજે, હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપના સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે પણ લોકસભામાં આ મુદ્દા પર વાત કરી હતી. તેણીએ રાહુલ ગાંધી પર માત્ર નિશાન સાધ્યું જ નહીં પરંતુ એમ પણ કહ્યું કે પીએમ મોદી EVM હેક કરતા નથી, પરંતુ લોકોના હૃદયને હેક કરે છે. કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કરતા કંગનાએ કહ્યું, ‘‘આ લોકો દાવો કરે છે કે જૂના સમયમાં મતદાન શ્રેષ્ઠ હતું.‘‘ તે સમયે ગોટાળા થયા હતા, અને આ લોકો બોક્સ છીનવી લેતા હતા. ભાજપના સાંસદ કંગના રનૌતે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે તેઓ દરરોજ ‘‘સાહેબ, સાહેબ‘‘ ના બૂમો પાડીને હંગામો મચાવી રહ્યા છે. તેમને જોઈને હૃદયદ્રાવક થયું. ગઈકાલે, જ્યારે રાહુલ ગાંધી બોલી રહ્યા હતા, ત્યારે તેઓ એ જ વાત વારંવાર કહેતા રહ્યા કે ‘‘ખાદીમાં દોરો હોય છે, દોરાથી કાપડ બને છે.‘‘ અંતે, તેઓ એક વિદેશી મહિલાના ફોટા પર આવ્યા. તેમણે પોતે વારંવાર કહ્યું છે કે તેઓ ક્યારેય ભારત ગયા નથી. તેમના ફોટાનો ઉપયોગ પ્લે કાર્ડમાં કરવામાં આવ્યો હતો. તેમના વ્યક્તિત્વના અધિકારોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા. હું આ માટે સંસદ વતી માફી માંગુ છું.

કંગનાએ કહ્યું કે કોંગ્રેસના પાત્રમાં ગરિમાનો અભાવ છે. કંગનાએ ‘‘એક રાષ્ટ્ર, એક ચૂંટણી‘‘ વિશે વાત કરી, જે વારંવાર ચૂંટણીઓ યોજવાની અસુવિધા અને નાણાકીય નુકસાનને ટાળશે. તેમણે તેને લોકશાહીના તહેવાર તરીકે ઉજવવાનું આહ્વાન કર્યું અને આ પ્રસ્તાવને અમલમાં મૂકવાની અપીલ કરી. સંસદમાં ચૂંટણી સુધારા પર ચર્ચા દરમિયાન, ભાજપના સાંસદ કંગના રનૌતે ઊટખ હેકિંગના વિપક્ષી પક્ષોના આરોપોનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી EVM હેક કરતા નથી, પરંતુ લોકોના હૃદયને હેક કરે છે.

### ૧૫ ડિસેમ્બરે જોર્ડનના પ્રવાસે ત્યાર બાદ ઈથોપિયા-ઓમાનની લેશે મુલાકાત

# વડાપ્રધાન મોદી ૧૫મીથી ત્રણ દેશોની મુલાકાતે



નવીદિલ્હી, તા. ૧૦
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રણ દેશોની મુલાકાતે જઈ રહ્યા છે. તેમનો પહેલો પ્રવાસ જોર્ડનનો છે. ત્યારબાદ તેઓ ઈથોપિયા અને ઓમાનની મુલાકાત લેશે. પીએમ મોદીનો જોર્ડનની આ બીજી મુલાકાત છે, જે અગાઉ ફેબ્રુઆરી ૨૦૧૮ માં મુલાકાત લીધી હતી. ઇઝરાયલ અને સાઉદી અરેબિયા વચ્ચે સ્થિત એક નાનો દેશ જોર્ડન, તેલ કે શસ્ત્રોના સોદા કરતો નથી. જોકે, તે ભારતનો ચોથો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. જોર્ડન એક મધ્ય પૂર્વીય દેશ છે જે ઇઝરાયલ અને યુનાઇટેડ સ્ટેટ્સ બંનેને ટેકો આપે છે. ઈરાન-ઈઝરાયલ તણાવ હોય કે ગાઝા યુદ્ધ, જોર્ડનની નીતિઓએ સતત યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇઝરાયલને ટેકો આપ્યો છે. જોર્ડન ભારતીય પ્રવાસીઓને આગમન પર પ્રવાસી વિઝા આપે છે, અને હવે ઇ-વિઝા પણ ઉપલબ્ધ છે. જોર્ડનમાં લગભગ ૧૭,૫૦૦ ભારતીયો રહે છે, જે કાપડ, બાંધકામ, આરોગ્યસંભાળ અને આઇટી ક્ષેત્રોમાં કામ કરે છે. બંને દેશો વચ્ચે પર્યટન, રોકાણ, ખાદ્ય વેપાર અને ટેકનોલોજીમાં સહયોગ સતત વધી રહ્યો છે.

ભારત અને જોર્ડન વચ્ચેના સંબંધો હંમેશા મૈત્રીપૂર્ણ અને વિશ્વાસ પર આધારિત રહ્યા છે. બંને દેશોએ ૧૯૪૭માં પ્રથમ ઔપચારિક કરાર પર હસ્તાક્ષર કર્યા અને ૧૯૫૦માં સંપૂર્ણ રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા. તાજેતરના વર્ષોમાં ઉચ્ચ સ્તરીય મુલાકાતોએ સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે. રાજા અબ્દુલ્લા બીજાએ ૨૦૧૮માં ભારતની મુલાકાત લીધી હતી. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને અનેક મંત્રીઓએ પણ જોર્ડનની મુલાકાત લીધી છે. બંને દેશો વચ્ચે વિદેશ કાર્યાલય પરામર્શનો ચોથો રાઉન્ડ એપ્રિલ ૨૦૨૫માં યોજાયો હતો. ભારત જોર્ડનનો ચોથો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. ૨૦૨૩-૨૪માં બંને દેશો વચ્ચેનો વેપાર ૨.૮૭૫ બિલિયન યુએસ ડોલર (₹૨૫,૮૫૮ કરોડ) હોવાનો અંદાજ હતો. ભારતે જોર્ડનને ૧,૪૬૫ મિલિયન યુએસ ડોલર (₹૧૩ કરોડ) ની નિકાસ કરી. ભારત મુખ્યત્વે ઇલેક્ટ્રિકલ સાધનો, અનાજ, રસાયણો, પેટ્રોલિયમ અને ઓટો પાર્ટ્સની નિકાસ કરે છે. ખાતરો, ફોસ્ફેટ્સ અને ફોસ્ફોરિક એસિડ જોર્ડનથી આયાત કરવામાં આવે છે.

બંને દેશોની કંપનીઓ વચ્ચે પણ મોટા રોકાણો થાય છે. ફોસ્ફેટ અને કાપડ ક્ષેત્રોમાં ભારતીય રોકાણો કુલ ૧.૫ બિલિયન ડોલર છે. IFFCOJPMCનો ૮૬૦ મિલિયનનો JIFCO પ્રોજેક્ટ ફોસ્ફોરિક એસિડ ઉત્પાદન માટે મહત્વપૂર્ણ છે. ૧૫ થી વધુ ભારતીય મૂળની ગાર્મેન્ટ કંપનીઓ પણ જોર્ડનમાં કાર્યરત છે. સંયુક્ત કાર્યકારી જૂથ ઓન હેલ્થ ૨૦૨૫ ની બેઠકમાં દવા નિયમન, તબીબી ઉપકરણો અને ડિજિટલ આરોગ્ય મિશન પર મહત્વપૂર્ણ ચર્ચાઓ થઈ હતી. COVID-૧૯ દરમિયાન, બંને દેશોએ પરસ્પર સહાયતાનો વિસ્તાર કર્યો. ભારતે જોર્ડનને ૫ મિલિયનની દવાઓ અને રસીઓ પણ મોકલી હતી.

# લાઈસન્સ વગર ધમધમતી’તી ગોવાની ક્લબ

## FIRમાં ક્લબ વિશે ચોંકાવનારા ખુલાસા : અજય ગુપ્તાની ધરપકડ બાદ લુથરા બંધુઓ સાથેના વ્યવહારોની તપાસ




નવીદિલ્હી, તા. ૧૦
શનિવારે રાત્રે ગોવાના અરપોરામાં નાઈટક્લબ બિર્ચ બાય રોમિયો લેનમાં લાગેલી આગમાં પચીસ લોકોના મોત થયા હતા. પોલીસે આગના સંદર્ભમાં અત્યાર સુધીમાં છ લોકોની ધરપકડ કરી છે. અધિકારીઓએ સાંકળમાં બનેલી બીજી ક્લબને બુલડોઝરથી તોડી પાડી હતી, અને પોલીસે બીજા ભાગીદાર અજય ગુપ્તાની પણ ધરપકડ કરી હતી. અન્ય બે ભાગીદારો, સૌરભ અને ગૌરવની ધરપકડ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પોલીસ એફઆઈઆરમાં ક્લબ વિશે અનેક ચોંકાવનારા ખુલાસા પણ થયા છે. આગ લાગ્યા બાદ પોલીસ ક્લબના માલિકોની શોધ કરી રહી હતી. શરૂઆતમાં ફક્ત બે માલિકોની ઓળખ થઈ હતી. જોકે, બાદમાં જાણવા મળ્યું કે અજય ગુપ્તા પણ તેમાં સામેલ હતો. પોલીસે મંગળવારે સાંજે તેની ધરપકડ કરી હતી.

અજય ગુપ્તા ઉત્તર દિલ્હીના જાણીતા બિલ્ડર અમિત ગુપ્તાના ભાઈ છે, જેની બે વર્ષ પહેલાં બુરાડીમાં ગોગી ગેંગ દ્વારા હત્યા કરવામાં આવી હતી. અમિત ગુપ્તાના મૃત્યુ પછી, એવું બહાર આવ્યું હતું કે ગુપ્તા પાસે અનેક અગ્રણી વ્યક્તિઓના પૈસા હતા, જે તેમણે બજારમાં રોકાણ કર્યા હતા. અમિતની હત્યા પછી, તેના ભાઈ અજય ગુપ્તાએ ગુપ્તાના પૈસા બજારમાં રોકાણ કરવાનું શરૂ કર્યું. અમિત અને અજય ગુપ્તાએ પણ લુથરા ભાઈઓના ક્લબમાં નોંધપાત્ર રકમનું રોકાણ કર્યું હતું. ગોવા પોલીસ હવે અજય ગુપ્તાની ધરપકડ કરશે અને લુથરા બંધુઓ સાથેના તેમના વ્યવહારોની તપાસ કરશે.

ક્લબના માલિકો સૌરભ અને ગૌરવ લુથરા આગ લાગ્યાના થોડા કલાકો પછી થાઈલેન્ડ ભાગી ગયા હતા. ઘટના બાદ પોલીસે FIR દાખલ કરી હતી અને તેમની શોધ શરૂ કરી હતી. ૭ ડિસેમ્બરે તેમના વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યો હતો, પરંતુ ઈમિગ્રેશન રેકોર્ડ્સ પરથી જાણવા મળ્યું છે કે તેઓ ઈન્ડિગો ફ્લાઈટ 6E ૧૦૭૩ માં દેશ છોડીને ગયા હતા. ગોવા પોલીસે સૌરભ અને ગૌરવ લુથરા સામે ઈન્ટરપોલ બ્લુ નોટિસ જારી કરી છે. બિર્ચ બાય રોમિયો લેનના માલિકો થાઈલેન્ડમાં છુપાયેલા છે, પરંતુ પોલીસ તેમને ભારત પાછા લાવવાનો પ્રયાસ કરી રહી છે. સૂત્રોએ હવે ખુલાસો કર્યો છે કે સૌરભ અને ગૌરવે ધરપકડ ટાળવા માટે રોહિણી કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે.

ગોવા ક્લબમાં આગ લાગી તે ડેથ ક્લબ હતી. તેને બે વર્ષથી ચેતવણીઓ મળી રહી છે, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ક્લબ એક કડક પ્રતિબંધિત વિસ્તારમાં બનાવવામાં આવી હતી - એક CRZ ઝોન - જ્યાં વ્યાપારી બાંધકામ પર સખત પ્રતિબંધ છે. આમ છતાં, ક્લબ, રેસ્ટોરન્ટ, RCC G+1 બિલ્ડીંગ, વોટર પ્લેટફોર્મ, ડેક અને દુકાનો બધું જ લાઈસન્સ કે CRZ ક્લિયરન્સ વગર બનાવવામાં આવ્યું હતું.

# કણકોટ પાસે બનશે વિશાળ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ

## મોટા મોવા, મુંજકા સહિત જુદા જુદા વિસ્તારોના અંદાજે ચાર લાખ લોકોને પીવાનું શુધ્ધ પાણી મળશે : સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં અલગ અલગ ૨૪ દરખાસ્તો

રાજકોટ, તા. ૧૦

રાજકોટ શહેરના વિસ્તાર અને વસતીના વ્યાપ વધવાની સાથે નાગરિકોને પુરતા પ્રમાણમાં અને પુરતાં ફોર્સથી પીવાનું પાણી મળી રહે તે માટે રૂ. ૧૪૩ કરોડના ખર્ચે કણકોટ સરકારી એન્જિનિયરિંગ કોલેજ પાસે સૌરાષ્ટ્રનો સૌથી મોટો ૧૫૦ એમએલડીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. આ માટે કમિશનર દ્વારા સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત કરવામાં આવી છે.આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપરાંત અલગ અલગ શાખામાં ફરજ બજાવતા જુદી નવ કેડરના ચિફ ફાયર ઓફિસર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર, ઝુ ઓફિસર સહિત જુદા જુદા હોદ્દાના ૭૫ કર્મચારીઓના પગાર ધોરણમાં વધારો કરવા સહિત કુલ ૨૪ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમિન ઠાકરે આપેલી માહિતી મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં ભળેલા અને ભવિષ્યમાં ભળનારા વિસ્તારોને શુદ્ધ અને ફિલ્ટર થયેલું પાણી મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા કણકોટ રોડ પર ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ પાસે વોર્ડ નં.૧૧માં મવડીના ટીપી સ્કીમ નંબર ૩૪માં ૫૪,૫૫૮ ચોરસ મીટર જમીન પર ન્યારી ડેમ આધારિત સૌરાષ્ટ્રનો સૌથી મોટો ૧૫૦ એમએલડીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. આ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બન્યા બાદ મોટા મવા અને મુંજકા સહિતના વિસ્તારો અને હાલના ન્યારી ડેમ આધારીત તમામ વિસ્તારોમાં પાણીની અવિરત સપ્લાય થઈ શકશે. સાથોસાથ સ્માર્ટ સીટી અને તેની સામેના ભાગના નવા વિસ્તારને ધ્યાને રાખીને અંદાજીત ૩૦ ખક પાણી સપ્લાય કરવાને પણ આવરી લેવામાં આવશે. હાલ નવા બનનાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની અંદર જ ESR બનાવવામાં આવનાર છે.

જેનાથી આ WTPની સામેના ભાગમાં આવનાર સમયમાં મહાનગરપાલિકામાં ભળનાર નવા વિસ્તારોમાં પણ સુગમતાના ધોરણે પાણી સપ્લાય કરી શકાય તે બાબતો ધ્યાને લેવામાં આવી છે. આ WTPનું કામ પૂર્ણ થયે પ્રથમ વખત રાજકોટ શહેરના પાણીના કુલ વપરાશ જેટલી ક્ષમતા ધરાવતો જથ્થો સ્ટોરેજ થશે. આ પ્લાન્ટથી અંદાજીત ચાર લાખ લોકોને પીવાના ચોખ્ખા પાણીની સુવિધા પ્રાપ્ત થશે. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બન્યા બાદ દરરોજ ૧૫ કરોડ લીટર પાણી ટ્રાન્સફર કરી શકાશે. ન્યારી ડેમથી રો વોટર લાવવા માટે ૧૪૦૦ મિ.મિ. ડાયાની ૫૮૫૦૨.મી. લંબાઈની એમ.એસ. રાઈઝીંગ મેઈન લાઈન, ૪ ML કેપેસીટીના ૩ નંગ કલેરી ફોક્યુલેટર, ઇનલેટ ચેમ્બર, સ્લજ થીકનર અને પમ્પરૂમ, GSR ગ્રાઉન્ડ સ્ટોરેજ ૬૫.૦૦ એમએલ (૬.૫૦ કરોડ લીટર), ૧૨૫૦૦ ચો.મી. બિલ્ટ-અપ એરિયામાં બે અથવા વધુ ભાગો હશે.

ESRની ૨૫ મી. સ્ટેટિક ઉંચાઈ ધરાવતી પાણીની ૩૦ લાખ લીટર ક્ષમતાવાળી ત્રણ ટાંકી, ૧૪ નંગ ટવીન ફિલ્ટર બેડ સાથે ફિલ્ટર હાઉસ, ઈલેક્ટ્રીકલ ટ્રાન્સફોર્મર યાર્ડ, સ્વીચરૂમ સહિતની સુવિધા ઉભી કરાશે. આ એક આગવું પમ્પીંગ સ્ટેશન છે કે જેના દ્વારા ૧૫૦ એમએલ પાણી એટલેકે ૧૫ કરોડ લીટર પાણી પ્રતિ દિવસ ટ્રાન્સફર કરી શકાશે જેમાં મોટામવા હેડવર્કસ અને મુંજકા હેડવર્કસ ને ડાયરેકટ પાણી સપ્લાય કરવામાં આવશે. આ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સાથે ૧૦૧૬.૨૦ મીટર લંબાઈની કમ્પાઉન્ડ વોલ, એડમિનિસ્ટ્રેશન ઓફીસ, લેબોરેટરી, કોન્ફરન્સ હોલ ( ૫૦ વ્યક્તિઓની સીટીંગ કેપેસીટી સાથે રાઉન્ડ ટેબલ, ખુરશીઓ, પ્રોજેક્ટર, ટી.વી., એરકંડીશન સહિતની સુવિધા ઉભી કરાશે. રાજકોટ શહેરની જુદીજુદી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે એન્જીનીયરીંગ કોલેજ, નર્સિંગ કોલેજ, આયુર્વેદિક કોલેજ, હોમિયોપેથીક કોલેજ, મેડીકલ કોલેજ વિગેરે સ્થળોએથી પાણીના ફિલ્ટરની પ્રક્રિયા જાણવા અર્થે અત્રેના હયાત ફિલ્ટર પ્લાન્ટમાં આવતા હોય છે. જ્યાં મોટાભાગે ઠઝઙ ને લગતા સ્ટ્રક્ચરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આવી જ રીતે એક અલગથી એક કોન્ફરન્સ હોલ તૈયાર કરવામાં આવનાર છે. જેમાં પ્રેઝન્ટેશન ઉપરાંત અત્રેના વિભાગ દ્વારા યોજાતી મીટીંગ કે ટ્રેનીંગ પ્રોગ્રામ વિગેરે કાર્યવાહીઓ કરી શકાશે.

આ ઉપરાંત ૮ ઈલેક્ટ્રીકલ અને મીકેનીકલ આઈટમોને રીપેરીંગ તથા સ્ટોરેજ કરી શકાય તે માટે બે સ્ટોર, સ્ટાફ કવાટર્સ યુનિટ, પાર્કિંગ શેડ, સ્પેશીયલ સિક્યુરીટી રૂમ, વૃક્ષા રોપણ સાથે સમગ્ર આંતરિક એરિયાનું ડેવલપમેન્ટ ઝીરો લીકવીડ ડિસ્ચાર્જ એટલેકે પાણીનું એક પણ ટીપું બગાડે નહિ તે પ્રકારની ટેકનોલોજી દ્વારા અતિ આધુનિક SCADA સીસ્ટમ દ્વારા પ્લાન્ટનું સંચાલન સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે.




### મહાનગરપાલિકાના નવ કેડરના ૭૫ કર્મચારીઓનું પગાર ધોરણ સુધરશે

સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મહાનગરપાલિકાની જુદી જુદી શાખાના જુદાજુદા સંવર્ગોની જગ્યાઓ પર ફરજ બજાવતા કાયમી કર્મચારીઓને પગાર સુધારણા કમિટીની ભલામણ મુજબ અલગ અલગ નવ કેડરના ૭૫ કર્મચારીઓના પગારધોરણમાં સાતમા પગાર પંચના અલગ અલગ લેવલ મુજબ પગાર વધારો કરવા માટે પણ કમિશનર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. આમાં ચિક ફાયર ઓફિસર, ઝુ સુપ્રિટેન્ડન્ટ, બે ડે. ચિફ ફાયર ઓફિસર, લેબર ઓફિસર, લો, ઓફિસર, છ સેનિટેશન ઓફિસર, ૩૭ સેનેટરી ઈન્સ્પેક્ટરો, જન્મ મરણ વિભાગના ત્રણ સુપ્રિન્ટેન્ડન્ટ, અને ૨૩ સફાઈ સુપરવાઈઝરોનો સમાવેશ થાય છે. આમાં ચીફ ફાયર ઓફિસર અને ઝુ સુપ્રિટેન્ડન્ટ સિવાય અન્ય કર્મચારીઓના પગાર ધોરણમાં વધારો કરવા માટે વહિવટી મંજૂરી અને પગાર સુધારણા માટે હુકમ બાદ લાગુ પડશે.

### કણકોટ પાસે બનશે સૌરાષ્ટ્રનો સૌથી મોટો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ : મહાનગરપાલિકા રૂ. ૧૪૩ કરોડના ખર્ચે કરશે

રાજકોટ શહેરના વિસ્તાર અને વસતીના વ્યાપ વધવાની સાથે નાગરિકોને પુરતા પ્રમાણમાં અને પુરતાં ફોર્સથી પીવાનું પાણી મળી રહે તે માટે રૂ. ૧૪૩ કરોડના ખર્ચે કણકોટ સરકારી એન્જિનિયરિંગ કોલેજ પાસે સૌરાષ્ટ્રનો સૌથી મોટો ૧૫૦ એમએલડીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. આ માટે કમિશનર દ્વારા સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત કરવામાં આવી છે. આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપરાંત અલગ અલગ શાખામાં ફરજ બજાવતા જુદી નવ કેડરના ચિફ ફાયર ઓફિસર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર, ઝુ ઓફિસર સહિત જુદા જુદા હોદ્દાના ૭૫ કર્મચારીઓના પગાર ધોરણમાં વધારો કરવા સહિત કુલ ૨૪ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમિન ઠાકરે આપેલી માહિતી મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં ભળેલા અને ભવિષ્યમાં ભળનારા વિસ્તારોને શુદ્ધ અને ફિલ્ટર થયેલું પાણી મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા કણકોટ રોડ પર ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ પાસે વોર્ડ નં.૧૧માં મવડીના ટીપી સ્કીમ નંબર ૩૪માં ૫૪,૫૫૮ ચોરસ મીટર જમીન પર ન્યારી ડેમ આધારિત સૌરાષ્ટ્રનો સૌથી મોટો ૧૫૦ એમએલડીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. આ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બન્યા બાદ મોટા મવા અને મુંજકા સહિતના વિસ્તારો અને હાલના ન્યારી ડેમ આધારીત તમામ વિસ્તારોમાં પાણીની અવિરત સપ્લાય થઈ શકશે. સાથોસાથ સ્માર્ટ સીટી અને તેની સામેના ભાગના નવા વિસ્તારને ધ્યાને રાખીને અંદાજીત ૩૦ ખક પાણી સપ્લાય કરવાને પણ આવરી લેવામાં આવશે. હાલ નવા બનનાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની અંદર જ ESR બનાવવામાં આવનાર છે. જેનાથી આ WTPની સામેના ભાગમાં આવનાર સમયમાં મહાનગરપાલિકામાં ભળનાર નવા વિસ્તારોમાં પણ સુગમતાના ધોરણે પાણી સપ્લાય કરી શકાય તે બાબતો ધ્યાને લેવામાં આવી છે. આ WTPનું કામ પૂર્ણ થયે પ્રથમ વખત રાજકોટ શહેરના પાણીના કુલ વપરાશ જેટલી ક્ષમતા ધરાવતો જથ્થો સ્ટોરેજ થશે. આ પ્લાન્ટથી અંદાજીત ચાર લાખ લોકોને પીવાના ચોખ્ખા પાણીની સુવિધા પ્રાપ્ત થશે.

### મહાનગરપાલિકાના નવ કેડરના ૭૫ કર્મચારીઓનું પગાર ધોરણ સુધરશે

સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મહાનગરપાલિકાની જુદી જુદી શાખાના જુદાજુદા સંવર્ગોની જગ્યાઓ પર ફરજ બજાવતા કાયમી કર્મચારીઓને પગાર સુધારણા કમિટીની ભલામણ મુજબ અલગ અલગ નવ કેડરના ૭૫ કર્મચારીઓના પગારધોરણમાં સાતમા પગાર પંચના અલગ અલગ લેવલ મુજબ પગાર વધારો કરવા માટે પણ કમિશનર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. આમાં ચિક ફાયર ઓફિસર, ઝુ સુપ્રિટેન્ડન્ટ, બે ડે. ચિફ ફાયર ઓફિસર, લેબર ઓફિસર, લો, ઓફિસર, છ સેનિટેશન ઓફિસર, ૩૭ સેનેટરી ઈન્સ્પેક્ટરો, જન્મ મરણ વિભાગના ત્રણ સુપ્રિન્ટેન્ડન્ટ, અને ૨૩ સફાઈ સુપરવાઈઝરોનો સમાવેશ થાય છે. આમાં ચીફ ફાયર ઓફિસર અને ઝુ સુપ્રિટેન્ડન્ટ સિવાય અન્ય કર્મચારીઓના પગાર ધોરણમાં વધારો કરવા માટે વહિવટી મંજૂરી અને પગાર સુધારણા માટે હુકમ બાદ લાગુ પડશે.

## દામ્પત્ય જીવનમાં ડખ્ખા બાદ મારામારી, હત્યાની વધી રહેલી ઘટનાઃ વધુ બે કિસ્સા

# પત્નિએ જ દારૂડીયા પતિને પતાવી દીધો

## આજે રાતે બધાને મારી નાખવા છે એવા બરાડા પાડ્યા બાદ પતિ ઉંઘી ગયો એ સાથે જ પત્નિ પથ્થરથી તૂટી પડી : બીજી ઘટનામાં ખેતમજૂર મહિલાની ક્રુર હત્યા

રાજકોટ, તા. ૧૦

દંપતિ વચ્ચેના કલેશમાં વધુ એક વખત હત્યાની ઘટના બની છે. જેમાં પતિને ભરઉંઘમાં હતો ત્યારે જ પતિએ પથ્થરના ઘા મારી પતાવી દીધો હતો. આ ક્રુર હત્યા પાછળ કલેશ કારણભુત હતો. દારૂ પીને રોજબરોજ ખેલ કરતાં પતિએ પોતે સુઇ ગયો એ પહેલા પણ એવા બરાડા પાડ્યા હતાં કે આજે રાતે બધાને પતાવી જ દેવા છે. આ કારણે રોષે ભરાયેલી પત્નિએ પતિ કોઇને કંઇ કરી એ પહેલા એને જ પતાવી દીધો હતો. પોલીસે પતિની હત્યા કરનાર પત્નિની ધરપકડ કરી લીધી છે.

રાજ્યભરમાં દંપતિઓ વચ્ચે માથાકુટને કારણે કે પછી બીજા કારણોસર મારામારી થતી રહે છે. ઘણીવાર વાત હત્યા સુધી પહોંચી જાય છે. આવી વધુ એક ઘટના બની છે જેમાં અવાર નવાર ઝઘડો કરતા પતિએ આવેશમાં આવીને આજે રાત્રે તમને બધાને પતાવી દઇશ એવી ધમકી આપી અને કંટાળેલી પત્નીએ સુઇ રહેલા પતિના માથા પર પથ્થર મારી હત્યા કરી નાખ્યાનો બનાવ અમરોલી વિસ્તારમાં બન્યો છે. પોલીસે પત્નિ સામે કાર્યવાહી કરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ મુળ ભરુચના અનુલગામનો વતની અને હાલ અમરોલી રજવાડી પાર્ટી પ્લોટ પાસે આવેલી ઓમ શાંતિનગર સોસાયટીમાં રહેતો કનુ મનસુખ ચુડાસમા બસ ડ્રાઈવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. છેલ્લા ઘણા વર્ષોથી પતિ કનુ દારૂ પીને આવતો હતો અને પત્નિ અંકિતા સાથે ઝઘડો કરીને મારઝુડ કરતો હતો.

દરમિયાન રાત્રે પણ કનુએ પત્નિ અંકિતા સાથે ઝઘડો કરીને મારમારી હતી તેમજ આજે રાત્રે તમને બધાને પતાવી દેવાની ધમકી આપી હતી. પતિના આ ત્રાસથી કંટાળી ગયેલી પત્ની અંકિતાએ રાત્રે બે વાગ્યાના અરસામાં કનુ સુતો હતો ત્યારે તેના માથા અને શરીર પર પથ્થરના ઘા મારી ગંભીર ઇજા પહોંચાડી હતી. કનુને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત થયું હતું. બનાવ અંગે અમરોલી પોલીસે હત્યાનો ગુનો નોંધી અંકિતાની ધરપકડ કરી છે.



અંકિતા પ્રેમ લગ્ન કરીને પસ્તાય હતી અંકિતાએ જણાવ્યું હતુંકે પંદર વર્ષ પહેલા તેણે કનુ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. કનુની અગાઉની પત્ની થકી થયેલી દિકરી અને તની બે દિકરીની સંભાળ રાખતી હતી. પણ કનુ નોકરી પરથી આવે ત્યારે અવાર નવાર ઝઘડો કરીને મારઝુડ કરતો હતો. તેનો ત્રાસ વધી ગયો હતો અને તે થાકી ગઇ હતી એટલે આવેશમાં આવીને હુમલો કર્યો હતો. આવી જ ઘટના રાજકોટમાં પણ બની હતી. જેમાં ચાર વર્ષ પહેલા પ્રેમલગ્ન કરનાર યુવતિ માટે દારૂડીયો પતિ ત્રાસરૂપ બની ગયો હતો. આથી તે પતિનું ઘર છોડી બહેનપણીને ત્યાં જતી રહી હતી. પતિએ તેને શોધી કાઢી છરીના ડઝન ઘા ઝીંકી પતાવી દીધી હતી.

હત્યાની બીજી ઘટના ભાવનગરના ગઢડાના સામાકાંઠા ચાર રસ્તા પાસે ખેતરમાં બની હતી. અહિ રહેતી મહિલાની બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી.ઘટનાની જાણ થતાની સાથેજ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો.અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જોકે વાડીમાં દંપતી રહેતું હતું.પરતુ મૃતક મહિલાનો પતિ હાલ મળી નહીં આવતા પોલીસે પતિએ હત્યા કરી હોવાની શંકા વ્યક્ત કરી હતી. ગઢડાના સામાકાંઠા ચાર રસ્તા પાસે આવેલી હજારીયાની વાડીમાં મૂળ વડોદરાના કણજર ગામના વતની ચંપાબેન સતીષભાઈ વસાવા ચંપાબેન તેમના પતિ સતીષ વસાવા ભાગિયા તરીકે મજૂરી કામ કરતા હતા.

દરમિયાનમાં વાડી માલિક વાડીએ આંટો મારવા ગયા ત્યારે વાડીના રૂમમાં ચંપાબેનનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ પડયો હતો. આ સમગ્ર ઘટનાની જાણ તુરતજ ગઢડા પોલીસને કરવામાં આવતાની સાથેજ ગઢડા પીઆઈ ડી. બી. પલાસ, પીએસઆઈ જી.જે. ગોહિલ અને પીએસઆઈ જયદેવ હેરમા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. આ ઘટનામાં હત્યા બાદ પતિ સતિષ ગાયબ હોઇ તેના પર શંકા ઉપજી હતી. ઘટનાની જાણ થતાં ગઢડા પોલીસ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ હતી.તેમજ પતિ સતીશ વસાવા સ્થળ પર મળી આવ્યો નહતો અને મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ બતાવતા સતીશ વસાવાએ પત્નીની હત્યા કરી હોવાની શંકા ઉપજતા સતીષને ઝડપી લેવાની દિશામાં તપાસ શરૂ હતી.

## ઠેકઠેકાણે શેરીએ ગલીએ અમુક લેભાગુ કહેવાતા મિડીયામેનો હાલી નીકળ્યા છે

# લાકડાની ચલાવતો પત્રકાર લાખો ખાઇ ગયો

## યુવાનને લલચાવી તેની પાસેથી સાત લાખથી વધુના સોનાના દાગીના, લોનથી રોકડ મેળવી લીધીઃ પછી ઠેંગો બતાવી દીધોઃ એસપી સમક્ષ થઇ ફરિયાદ

રાજકોટ , તા. ૧૦

રાજ્યભરમાં લેભાગુ અને કહેવાતા પત્રકારો, મિડીયામેનો અને કેમેરામેનો બીલાડીના ટોપની જેમ ફુટીનીકળ્યા છે. મીડીયાના નામે બ્લેકમેઇલીંગ, નાણા પડાવવા, બીજાને ડરાવવા સહિતના કૃત્યો અમુક લેભાગુ મિડીયાના નામે આચરે છે. દરમિયાન એક શખ્સે પત્રકાર હોવાની ઓળખ આપી યુવાન પાસેથી સાડા સાત લાખ પડાવી લીધા છે. પીડીત પરિવાર પાસેથી સાડા સાત લાખના ઘરેણા મેળવી આ કહેવાતો પત્રકાર ચાંઉ કરી ગયાની લેખિત ફરિયાદ પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ થઇ છે.

આમ તો રાજ્યભરમાં શેરીએ ગલીએ પત્રકારો ઉભા થઇ ગયા છે. જેઓ ગમે તેના મિડીયાન નામે હાલી નીકળતાં હોય છે. દરમિયાન ભાવનગરમાં રહેતા યુવાનને પત્રકાર હોવાની ઓળખ આપી શખ્સે સોનાના ઘરેણા અને લોન મેળવી કુલ રૂા.૭.૫૦ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ યુવાને ડાયરેક્ટ એસપી સમક્ષ કરી છે. વિગતો જોઇએ તો ભાવનગર શહેરમાં ભરતનગર પ્રગતિનગર શાકમાર્કેટ ખાતે રહેતા પરેશભાઈ ભટ્ટી નામના યુવાન પાસેથી પત્રકાર હોવાની ઓળખ આપી પાર્થ રમેશકુમાર મહેતા નામના શખ્સે ધંધામાં રોકાણ કરવાની લાલચ આપી કટકે કટકે સોનું તેમજ લોન મેળવી રૂ.૭.૫૦ લાખ મેળવી લીધા બાદ પરેશભાઈ ભટ્ટીએ આપેલા રૂપિયા અને સોનાની માંગણી કરતા શખ્સ ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો.

આ પછી કહેવાતા પત્રકાર પાર્થ મહેતાએ પરેશભાઈ ભટ્ટીને ચેક આપ્યા હતા.તે પણ બાઉન્સ થઈ ગયા હતા. શખ્સે શહેરના ક્રેસન્ટ રોડ પર આવેલ અષ્ટવિનાયક કોમ્પ્લેક્સમા આવેલ ન્યુઝ પેપરની ઓફિસ હોવાની ઓળખાણ આપી છેતરપિંડી કરી હોવાનું કહી છેતરપિંડી આચરી હતી.અને જે થાય તે કરી લેવાની ધમકી પણ ઉચારી હતી.આમ પરેશભાઈ ભટ્ટી સાથે છેતરપિંડી અને ફ્રોડ થયું હોવા અંગે જિલ્લા પોલીસ વડાને ફરિયાદ કરતાં તપાસના આદેશ થયા છે.



### ક્રાઇમ શો જોઇને વિધીના બહાને ઢોંગી તાંત્રીકે મહિલાને સ્પ્રે છાંટી બેભાન કરી છેડતીનો પ્રયાસ કર્યોઃ પણ મહિલા ભાનમાં આવી ગઇ, પોલીસે ઢોંગીને દબોચ્યો

ભુજના માધાપરમાં તાંત્રિક વિધિના બહાને મહિલાની છેતડી કરાઈ હોવાની ઘટના સામે આવી છે. પરિવારના સભ્યો બીમાર રહેતા હોવાથી મહિલા આરોપી પાસે નડતર દૂર કરવા જતાં છેડતીનો ભોગ બની હતી. સમગ્ર મામલે મહિલાએ માધાપર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે. વિશેષ માહિતી જોઇએ તો ભુજના માધાપરના જલારામ સોસાયટીમાં રહેતા વિશાલ મારાજ નામના વ્યક્તિ પાસે એક મહિલા નડતર દૂર કરાવવા ગઈ હતી. આરોપીએ તાંત્રિક વિધિ કરવાનું જણાવ્યું હતુ. જેમાં આરોપીએ મહિલાના મોં પર સ્પ્રે મારીને બેભાન કરી હતી અને છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. પણ તેવામાં મહિલા ભાનમાં આવી જતાં ચોંકી ઠી હતી.

સમગ્ર ઘટના મામલે મહિલાએ માધાપર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મહિલાની ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે જણાવ્યું કે આરોપી ક્રાઈમ પેટ્રોલ જોઈને તાંત્રિક વિધિના નામે મહિલાની છેડતી કરતો હતો. આરોપીએ અન્ય કોઈ મહિલાઓ સાથે આ પ્રકારની હરકત કરી છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી છે. પોલીસે સ્થાનિકોને અંધશ્રદ્ધામાં ન આવવા અપીલ કરી હતી.

### વ્યાજંકવાદને ડામવા પોલીસના પ્રયાસો વચ્ચે પણ સામે આવે છે ચોંકાવનારા બનાવો

# વ્યાજના 'વમળ'માં ફસાયો કોઠારીયાનો યુવાન

## બિમાર માતાની સારવાર અને ટેક્સી રીપેર કરવા બે કટકે સોની શખ્સ પાસેથી દસ-દસ હજાર લીધાઃ દર દસ દિવસે બબ્બે હજાર લેખે વ્યાજ વસુલ્યુંઃ મોબાઈલ પણ અવેજીમાં પડાવ્યોઃ સતત ધમકીથી યુવાન પહોંચ્યો આજીડેમ પોલીસ સ્ટેશનમાં

રાજકોટ, તા. ૧૦

વ્યાજંકવાદને ડામવા સરકાર અને પોલીસ સતત પ્રયાસો કરે છે. સમયાંતરે રાજ્યના અલગ અલગ શહેરોના પોલીસ સ્ટેશનોમાં વ્યાજખોરીની વિરૂધ્ધમાં લોક દરબાર યોજવામાં આવે છે અને લોકોને જરૂરીયાતમંદોને સસ્તા દરથી લોન મળી રહે તે માટે પોલીસ સ્ટેશન ખાતે જ લોનમેળા પણ યોજાય છે. આમ છતાં વ્યાજંકવાદ અટકતો નથી એ હકિકત છે. આ વાતની પ્રતીતિ કરાવતો કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે. જેમાં એક યુવાનને માતાની સારવાર માટે અને ટેક્સી રીપેર કરવા માટે પૈસાની જરૂર પડતાં વ્યાજખોરીમાં ફસાયો હતો. તેને વ્યાજખોરે અધધધ મહિને ૬૦ ટકાના વ્યાજે ૨૦ હજાર આપ્યા હતાં. આ સામે ૨૦ હજાર આપી દીધા છતાં તેનો ચેક બંકમાં નાંખી દેવાની ધમકીઓ અપાતી હતી, સાથે જ વ્યાજની અવેજીમાં મોબાઇલ ફોન પણ પડાવી લેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજકોટમાં વ્યાજખોરીનો વધુ એક બનાવ પોલીસ ચોપડે ચડ્યો છે. જેમાં કોઠારીયા ગામથી આગળ રહેતાં અને ડ્રાઈવીંગ કરતાં યુવાને માતાની બિમારીની સારવાર માટે જ્વેલર્સની દૂકાન ચલાવતાં શખ્સ પાસેથી ૧૦ હજાર તથા ગાડી ભટકાતાં રીપેરીંગના ખર્ચ માટે બીજા ૧૦ હજાર લઇ દર દસ દિવસે મીટરના ૨-૨ હજાર લેખે ૨૦ હજાર ચુકવી દીધા આ પછી પણ મહિને સાંઇઠ ટકા લેખે વધુ મીટર-વ્યાજ માંગી વધુ વીસ હજારની માંગણી કરી ધમકી આપી હેરાન કરતાં પોલીસને જાણ કરતાં આજીડેમ પોલીસે આ બનાવમાં કોઠારીયા ગામથી આગળ પાણીના ટાંકા સામેની શેરીમાં ખોડિયાર માતાજીના મંદિર નજીક રહેતાં ત્રેવીસ વર્ષના પીન્ટુભાઇ દિનેશભાઇ સોલંકીની ફરિયાદ પરથી કિરીટ પ્રભુદાસભાઇ ફીચડીયા વિરૂધ્ધ વ્યાજખોરીનો ગુનો નોંધ્યો હતો. પીન્ટુભાઇ સોલંકી પરિવાર સાથે રહે છે એન કેકેવી ચોક પાસે રૂદ્રા કેબમાં ડ્રાઇવર તરીકે કામ કરે છે.




તેમજ પીન્ટુભાઇના પિતા દિનેશભાઇ મેરામભાઇ સોલંકી છુટક મજૂરી કરે છે. પીન્ટુભાઇએ કહ્યું હતું કે ત્રણેક મહિના પહેલા મારા માતા સવિતાબેનને પગમાં દુઃખાવો થતો હોઇ જેથી મારે દવાખાનાના કામે પૈસાની જરૂર ઉભી થતાં મારા મિત્ર હાર્દિક ભરતભાઇ ગોહેલને વાત કરી હતી કે મારે દસેક હજાર રૂપિયાની જરૂર છે તો ક્યાંકથી વ્યવસ્થા કરી આપ. જેથી હાર્દિકે કહેલું કે તપાસ કરીને કહીશ. થોડા દિવસ પછી હાર્દિકે કહેલું કે- મારા કાકાના દિકરાને કોઠારીયા સોલવન્ટમાં સિગ્નેચર મેન્સવેર નામે દરજીની દૂકાન છે અને તેની બાજુમાં શ્રીજી જ્વેલર્સ નામે કિરીટભાઇ ફીચડીયા દૂકાન ચલાવે છે અને તે વ્યાજે પૈસા આપે છે. હાર્દિકે મને કિરીટભાઇના મોબાઇલ નંબર આપ્યા હોઇ મેં તેની સાથે વાત કરી મારે દસ હજારની જરૂર છે તેમ કહેતાં તેણે મને પોતાની દુકાને આધાર કાર્ડની કોપી અને એક ચેક લઇને આવવાનું કહ્યું હતું.

આ ઉપરાંત કિરીટભાઇએ કહેલું કે દુકાને મારો દિકરો બેઠો હશે તેને આપી દેજો. જેથી હું બીજા દિવસે કિરીટભાઇની દુકાને જઇ સહી કરેલો કોરો ચેક અને મારા આધારકાર્ડની કોપી આપી આવ્યો હતો. ત્યારબાદ તા. ૨ના રોજ સાંજે સાડા આઠેક વાગ્યે કિરીટભાઇએ મને ફોન કરી કોઠારીયા રોડ તિરૂપતીના પાણીના ટાંકા પાસે આવવાનું કહેતાં હું ત્યાં જતાં તેણે ઓનલાઇન મારા બેંક ખાતામાં રૂા. ૧૦ હજાર ટ્રાન્સફર કરી દીધા હતાં અને આ રકમનું દર દસ દિવસે ૨૦૦૦ વ્યાજ આપવાનું રહેશે અને વ્યાજના રૂપિયા મને આપો ત્યારે તમારે મીટરના રૂપિયા છે તેમ કહીને આપવાના તેવું કિરીટભાઇએ કહ્યું હતું. ત્યારબાદ મેં દર દસ દિવસે તેને રૂા. ૨૦૦૦ પેટે વ્યાજ આપ્યું હતું. બાદમાં મારી ટેક્સી ગાડીને અકસ્માત નડતાં નુકસાની થતાં રીપેરીંગનો ખર્ચ આવ્યો હતો. આથી મેં કિરીટભાઇને ફોન કરી ફરીથી રૂપિયા માંગતા તેણે મને વધુ ૧૦૦૦૦ આપ્યા હતાં.

આ પછી બંને રકમનું હું દર દસ દિવસે ૪૦૦૦ લેખે વ્યાજ ચુકવતો હતો. બે વખત ૮૦૦૦ લેખે પણ વ્યાજ ચુકવ્યુ હતું. આ પછી તેણે મારી પાસે મુડીની રકમ માંગતાં મેં કહેલું કે તમને સમયસર મીટર આપુ છું, થોડો સમય આપો તો રકમ કરી આપીશ. આથી તેણે મને કહેલું કે તારે મને અવેજ પેટે કંઇક આપવું પડશે. આથી મેં તેને હું મારા મિત્ર રવિ પારઘીનો ફોન વાપરતો હતો તે અવેજ પેટે આપી દીધો હતો. ત્યારબાદ મારાથી પૈસાની વ્યવસ્થા ન થતાં કિરીટભાઇએ સતત ફોન કરી ઉઘરાણી કરી હતી. તેમજ માર પૈસા ક્યારે આપી જાઇશ, જ્વેલર્સનું ખોટુ બીલ બનાવી તારો ચેક બેંકમાં નાખી દઇશ તેવી ધમકી આપી હતી.

આમ કહી મીટરના વધુ પૈસા આપી જવા અને વ્યાજ આપવા દબાણ કર્યુ હતું. મેં તેની પાસેથી બે કટકે ૨૦૦૦૦ લીધા હતાં. તેની સામે ૨૦૦૦૦ આપી દીધા છતાં વધુ ૨૦૦૦૦ માંગતા મેં મારા મિત્રનો મોબાઇલ ફોન તેને આપી દીધો હતો. આ ફોન પણ મને પાછો આપતાં ન હોઇ અને વ્યાજની સતત ઉઘરાણી કરી હેરાન કરતાં હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં પીન્ટુભાઇએ કહેતાં આજીડેમ પોલીસ સ્ટેશના ઇન્સપેક્ટર અશોકસિંહ બી. જાડેજાના માર્ગદર્શનમાં હેડકોન્સ. ડી. જી. પાલાએ એફઆઇઆર દાખલ કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મજબૂર લોકો ઘણીવાર વ્યાજંકવાદમાં ફસાઇને આપઘાત કે આપઘાતનો પ્રયાસ પણ કરતાં હોય છે. પરંતુ અહિ જાગૃત યુવાને ખોટુ પગલુ ભરવાને બદલે પોલીસની મદદ લેતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

### ઠગભગતોની નવીજુની તરકીબોનો ભોગ બની રહ્યા છે લોકોઃ લાલચ બુરી બલા

# નકલી નોટો ધાબડતી ટોળકીનો ત્રીજો સાગરીત ઝડપાયો

## સોશિયલ મિડીયા પર જાહેરાત મુકી શિકાર શોધતાઃ ઉપર ઉપર અસલી અને બાકી બંડલમાં ચિલ્ડ્રન બેંક ઓફ ઇન્ડિયા લખેલી નકલી નોટો ગોઠવી ધાબડી દેતાંઃ ભુજના ભેજાબાજોનો પર્દાફાશ

રાજકોટ, તા. ૧૦

સોયિશલ મિડીયાનો ઉપયોગ સારા કામો માટે થાય છે તેમ સૌથી વધુ ઉપયોગ ફ્રોડ માટે પણ થાય છે. આ ઉપરાંત અમુક લેભાગુઓ સગીરાઓને ફસાવવામાં પણ આ માદ્યમનો ઉપયોગ કરતાં હોય છે. દરમિયાન ઠગ ત્રિપુટી સોશિયલ મિડીયા પર ત્રણ લાખના રોકાણ સામે દસ લાખની જાહેરાત મુકી લોકોને છેતરતા હોવાનો પર્દાફાશ થયો છે. જો કોઇ લાલચમાં આવીને ત્રણ લાખનું રોકાણ કરે તો આ ગઠીયા જે તે વ્યક્તિ પાસેથી ત્રણ લાખ લઇ લીધા બાદ તેને દસ લાખ આપવાના નામે બોલાવી નકલી નોટોની ગડ્ડીઓ ધાબડીને ભાગી જતાં હતાં. આ ઠગાઇનો પોલીસે પર્દાફાશ કરી એક ગઠીયાને ઝડપી લીધો છે.




વિગતો પર નજર કરીએ તો કચ્છ પોલીસે સોશિયલ મીડિયા પર છેતરપિંડીનો પ્રયાસ કરતા એક આરોપીને ભુજમાંથી ઝડપી પાડ્યો છે. આરોપી સલમાન કુરેશી લોકોને ત્રણ લાખના દસ લાખ કરી આપવાની લાલચ આપી નકલી નોટોના બંડલ દ્વારા છેતરપિંડી કરતો હતો. એલસીબી ઇન્ચાર્જ ઇનસ. એચ. આર. જેઠીના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. સુરેન્દ્રસિંહ ઝાલા, પંકજભાઇ કુશવાહ, હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ રાઠોડ, દિવ્યરાજસિંહ જાડેજા, જયદેવસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ જીવરાજભાઇ ગઢવી ભુજ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન રાજેન્દ્રસિંહ રાઠોડ અને રણજીતસિંહ જાડેજાને ખાનગી બાતમી મળી હતી.

આ માહિતીને આધારે ભુજના મુસ્લિમ એજ્યુકેશન ચોકડી પાસે રહેતો બાવીસ વર્ષના સલમાન કુરેશીને મુસ્લિમ એજ્યુકેશન ચોકડી ફાટક પાસે પોતાની હ્યુન્ડાઇ આઇ-૧૦ ગાડી સાથે પકડી લીધો હતો. હતો. તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખોટા નામે ફેક આઈડી બનાવી ભારતીય ચલણી નોટોના વીડિયો બનાવતો હતો. આ વીડિયોમાં તે અલગ-અલગ પેટીઓમાં ભારતીય ચલણની નોટોના બંડલો રાખતો હતો, જેમાં ઉપરની નોટ સાચી અને બાકીની ચિલ્ડ્રન બેંક ઓફ ઇન્ડિયા લખેલી નકલી નોટો હતી. આરોપી આ વીડિયો દ્વારા લોકોને ત્રણ લાખના બદલામાં દસ લાખ આપવાની લાલચ આપતો હતો.

તેની પાસેથી મળી આવેલા મોબાઇલમાં શંકરમારાજ અને શામજી પટેલના નામી ઇન્સ્ટાગ્રામની ખોટી આઇડી પણ હતી. આ બંને આઇડી ચાલુ હતી. જેમાં તેણે પાંચસો, બસ્સો, સોની ચલણી નોટોના બંડલ પોસ્ટ કર્યા હતાં અને સાથે કેપ્શનમાં ત્રણ લાખ કા દશ લાખ લોકેશન ગુજરાત એવુ લખાણ લખ્યું હતું. આ હકીકતના આધારે એલસીબીએ સલમાન સાજીદ કુરેશીને ઝડપી પાડી તેની વિરૂધ્ધ ભુજ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે. પોલીસે તેની પાસેથી ત્રણ મોબાઇલ ફોન વીસ હજારના, બે સિમકાર્ડ, વીડિયો બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલી રૂ. ૫૦૦ ની ૧૮ સાચી નોટો તેમજ રૂ. ૫૦૦ ના દરની ચિલ્ડ્રન બેંક ઓફ ઇન્ડિયા લખેલી નોટોના ૧૮ બંડલ અને હ્યુન્ડાઈ આઇ-૧૦ કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ ઠગના અન્ય બે સાગ્રીતો અગાઉ પોલીસના હાથમાં આવ્યા હતાં. ત્યારે કોઇ વિશેષ હકિકત સામે આવી નહોતી. ઝડપાયેલા સુત્રધાર અને સાગ્રીતોએ કેટલા લોકો સાથે આવી ઠગાઇ કરી? બીજુ કોણ કોણ સામેલ છે? સહિતની તપાસ થઇ રહી છે.

# તરૂણી-યુવાનના પ્રેમનો કરૂણાંત

## ગંજીવાડાનો યુવાન સગીરાને સાત દિવસ પહેલા ભગાડી ગયો હતોઃ બંને બસ મારફત રાજકોટ આવ્યા આજીડેમ ચોકડીએ ઉતર્યા, સગીરા ઝેરની અસરથી ત્યાં જ ઢળી પડી, પ્રેમી ભાગી ગયોઃ થોડા સમય પછી તે પણ બેભાન મળ્યો અને જીવ ગયોઃ બંનેના પરિવારમાં આક્રંદ સાથે પોસ્ટમોર્ટમ રૂમે બટાઝટી

રાજકોટ, તા. ૧૦

પ્રેમના નામે ખેલ ખેલનારા ઘણા હોય છે. જો કે ઘણી પ્રેમકહાની એવી હોય છે જેમાં બે પાત્રોની ઉમરમાં પણ ખુબ મોટો તફાવત હોય છે. વળી ઘણીવાર પ્રેમી પરણેલો કે છુટાછેડા લઇ ચુકેલો હોય છે. એક આવી જ પ્રેમકહાનીનો કરૂણ અંત આવી ગયો છે. શહેરના ભાવનગર રોડ પર ગંજીવાડામાં રહેતી સત્તર વર્ષની સગીરાને પાડોશમાં રહેતો છુટાછેડા લઇ ચુકેલો તેત્રીસ વર્ષનો યુવાન ભગાડી ગયો હતો. પરિવારજનો દ્વારા બંનેની શોધખોળ ચાલુ હતી ત્યાં આજે આ બંને મળ્યા તો હતાં પરંતુ થોડા સમયના અંતરે બંનેના જીવ નીકળી ગયા હતાં. બંનેએ સજોડે ઝેર પીધા બાદ બસમાં બેસી ગયા હતાં અને બસમાંથી ઉતર્યા બાદ અલગ અલગ સ્થળે બંને બેભાન થઇ ગયા પછી મોતને ભેટ્યા હતાં.



છુટછેડા લઇ ચુકેલા તેત્રીસ વર્ષના યુવાનને સત્તર વર્ષની બાળા સાથે લવ થયો, બંને ભાગ્યા પછી જે થયું એ સૌને હચમચાવી ગયું

વિગતો પર નજર કરીએ તો ભાવનગર રોડ પર ગંજીવાડા-૧માં રહેતી રાજલબેન સંજયભાઇ કીહલા નામની સત્તર વર્ષની સગીરા આજીડેમ ચોકડીએ ધંધુકા-જામનગર રૂટની બસમાંથી ઉતરી પછી પડી જતાં હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ તબિબે મૃત જાહેર કરી હતી. તેણીએ ઝેરી દવા પી લીધાનું ખુલ્યું હતું. કોઇ સ્થળે ઝેર પીધા બાદ બસમાં બેસીને આવી હતી અને પડી ગયઇ હતી. તેણી બે ભાઇ અને ચાર બહેનમાં મોટી હતી. તેના માતા-પિતા કડીયા કામ કરે છે. પરિવારજનોએ કહ્યું હતું કે સાતેક દિવસ પહેલા રાજબલેન ગૂમ થઇ ગઇ હતી. તપાસ કરતાં તેણીને ગંજીવાડા-૧માં રહેતો રવિ લાખાભાઇ મકવાણા કે જે તેત્રીસ વર્ષનો હતો તે ભગાડી ગયાની પરિવારને વિગતો મળતાં બંનેને શોધખોળ ચાલુ હતી.

દરમિયાન રવિના સગાને બુધવારે માહિતી મળી હતી કે રવિ આ સગીરાને ભગાડીને રાણપુર તરફ ગયો છે. ત્યાંથી આજે બંને બસ મારફત રાજકોટ આવવાના છે અને આજીડેમ ચોકડીએ ઉતરવાના છે. આથી રાજલબેનના પરિવારજનો આજીડેમ ચોકડીએ બસની રાહ જોઇને ઉભા હતાં. આ દરમિયાન બસ આવતાં તેમાંથી રાજલબેન ઉતરી તો હતી પરંતુ તેણીએ રસ્તામાં કોઇપણ સ્થળે ઝેરી દવા પી લીધી હોઇ તે બસમાંથી ઉતરતાની સાથે જ પડી ગઇ હતી અને બેભાન થઇ ગઇ હતી.

આ વખતે સાથે રવિ પણ હતો, તે ભાગી ગયો હતો. બેભાન હાલતમાં રાજલબેનને હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ તેનું મોત થયું હતું. આ પછી રવિની શોધખોળ ચાલુ થઇ હતી અને રવિ પકડાઇ નહિ ત્યાં સુધી અમે લાશ નહિ સ્વીકારીએ તેવું રાજલબેનના પરિવારે કહ્યું હતું. આ દરમિયાન બપોરે એક વાગ્યે રવિ લાખાભાઇ મકવાણા પણ રાજમોતી મીલ પાસેથી બેભાન મળતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ, પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. રવિએ આપઘાત કર્યો કે અન્ય કંઇ બન્યું? તેની તપાસ થઇ રહી છે. રવિ બે ભાઇમાં મોટો હતો, તેના છુટાછેડા થઇ ગયા હતાં. તેને સંતાનમાં એક દિકરી છે. પોતે કારખાનામાં મજૂરી કરતો હતો.

રવિના મૃત્યુને પગલે પોસ્ટમોર્ટમ રૂમ ખાતે તેના અને રાજલબેનના પરિવારજનો એકઠા થઇ જતાં અહિ આ લોકો વચ્ચે માથાકુટ થઇ હતી. જેમાં રાજલબેનના માતા શીતલબેન અને ફઇ ગૌરીબેન પર રવિના સગાએ હુમલો કર્યાનો આક્ષેપ કરાયો હતો. આજીડેમ અને થોરાળા પોલીસમાં એન્ટ્રી નોંધાવાતા તપાસ શરૂ થઇ હતી. જીવતેજીવ એક નહિ થઇ શકાય તેવું લાગતાં રવિ અને રાજલ ભાગ્યા પછી બસ મારફત રાજકોટ આવતી વખતે કાં તો બસમાં અથવા તો અન્ય કોઇ સ્થળે સાથે દવા પી ગયા હતાં. પછી રાજલબેન આજીડેમ ચોકડીએ બસમાંથી ઉતરતા જ ઢળી પડી હતી અને મોત થયું હતું. જયારે રવિ ત્યાંથી ભાગીને ગયા બાદ રાજમોતી મીલ પાસેથી બેભાન મળતાં તેનું પણ મોત થયું હતું. તેણે પણ દવા પી લીધાની શક્યતા જણાવાઇ હતી. આમ આ પ્રેમકહાનીનો કરૂણ અંત આવ્યો હતો.

### સફર જિંદગીની ખતમ થઇ જાય કોઇપણ ક્ષણે, ધડકતા દિલ થંભી જાય કોઇપણ ક્ષણે

# કાળમુખા હાર્ટ-એટેકથી વધુ બે પહોંચ્યા પરલોક

## સામા કાંઠાના દીપકભાઇ વસોયા અને વેલનાથપરા મોરબી રોડના ભીખુભાઇ કોમોચા ઘરે ઢળી પડ્યા બાદ હોસ્પિટલમાં લીધા અંતિમશ્વાસઃ અન્ય બે બનાવમાં યુવાન અને આધેડના બેભાન થઇ ગયા બાદમ મોત

રાજકોટ, તા. ૧૦

અપમૃત્યુની ઘટનાઓના સિલસિલા વચ્ચે લોકોના મૃત્યુ થયા છે. જેમાં બે બનાવમાં બે લોકોના હૃદય બંધી પડી જવાથી મૃત્યુ થયા છે. તો એક બનાવમાં બેભાન થઇ જતાં યુવાનનું મોત થયું હતું. આ ઉપરામ્ત એક આધેડનું પણ બેભાન થઇ જવાને કારણે સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

વિતગો પર નજર કરીએ તો મોરબી રોડ સેટેલાઇટ ચોક મેઇન રોડ પર પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતાં દીપકકુમાર રવજીભાઇ વસોયા નામના સત્તાવન વર્ષના પ્રૌઢ સવારે સાડા પાંચેક વાગ્યે ઘરે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર દીપકકુમાર અગાઉ પાનની દુકાન ચલાવતાં હતાં અને હાલ નિવૃત જીવન જીવતા હતાં. તે બે બહેનના એકના એક મોટા ભાઇ હતાં. સંતાનમાં એક દિકરો છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું.

જ્યારે દિલની દગાખોરીના બીજા આવા બનાવમાં મોરબી રોડ વેલનાથપરા-૨૦માં રહેતાં છપ્પન વષૅના ભીખુભાઇ જાદવભાઇ કોમોચા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે ચા ભાઇમાં બીજા હતાં. સંતાનમાં ચાર દિકરી અને બે દિકરા છે. પોતે ડ્રાઇવીંગ કરવા સાથે સિક્યુરીટી ગાર્ડનું કામ પણ કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. ત્રીજા બનાવમાં રાજકોટ એસટી બસ સ્ટેશનમાંથી એક યુવાન આશરે ચાલીસ વર્ષનો અર્ધબેભાન જેવી હાલતમાં બિમારી સબબ પડેલો હોઇ તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. આ વખતે પોતાનું નામ અનીલભાઇ પપ્પુભાઇ ડામોર જણાવ્યું હતું. આ યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં જસદણ કાનજીપરામાં સોમનાથ એપાર્ટમેન્ટમાં રહેતા મેનલભાઇ નરેશભાઇ રાજાણી નામના પિસ્તાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. મેનલભાઇ ત્રણ ભાઇમાં મોટા હતાં, સંતાનમાં એક પુત્ર છે. પ્રિન્ટીંગ કામ કરતાં હતાં. તેમને ડાયાબીટીશ સહિતની બિમારી લાગુ પડ્યાનુ સગાએ કહ્યું હતું. ચારેય બનાવમાં હોસ્પિટલ પોલીસ ચોકીના અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ પરમાર, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ, શક્તિસિંહે બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં આકસ્મિક મૃત્યુની નોંધ જે તે પોલીસ સ્ટેશન દ્વારા કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.



### મોટા ભાઇએ લોન ન ભરતાં નાના ભાઇને નોટીસ મળી ઝઘડો થતાં ફિનાઇલ પી લીધુંઃ બીજી ઘટનામાં પતંગ કાઢવાના પ્રયાસમાં બાળકીને લાગ્યો કરંટ, વિજથાંભલેથી પટકાતાં ગંભીર

એક બનાવમાં યુવાને તેના ભાઇને મોબાઇલ ફોન લોનથી લઇ દીધો હોઇ બાદમાં મોટા ભાઇએ લોન ન ભરતાં તેની નોટીસ આ યુવાનને મળતાં ભાઇ સાથે બોલાચાલી બાદ ફિનાઇલ પી લીધુ હતું. વિગતો જોઇએ તો પેડક રોડ પર બી-ડિવીઝન પોલીસ સ્ટેશન પાસે આવેલા આવાસ ક્વાર્ટરમાં રહેતાં સતિષભાઇ હિમતભાઇ ગડીયા નામના ત્રીસ વર્ષના યુવાને ઘરે ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

વધુ માહિતી અનુસાર સતિષભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેના સગાએ કહ્યું હતું કે સતિષભાઇએ તેના મોટા ભાઇને લોનથી ૧૮૫૦૦નો મોબાઇલ લઇ દીધો હતો. હપ્તા મોટા ભાઇને ભરવાના હતાં. સતિષભાઇ જ્યારે પણ પુછતાં ત્યારે તે હપ્તા ભરે છે તેમ કહેતો હતો. પણ હાલમાં લોન ભરપાઇ નહિ થયાની નોટીસ આવતાં આ બાબતે તેણે મોટા ભાઇને પુછતાં બોલાચાલી કરતાં તેને માઠુ લાગી જતાં ફિનાઇલ પી ગયાનું સગાએ કહેતાં પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

અન્ય એક કિસ્સામાં જસદણના દહીંસરામાં રહેતી નવ વર્ષની બાળકી દિવ્યા કેશુભાઇ સારેલીયા ઘર નજીક સીમેન્ટના વિજ થાંભલા પર પતંગ ફસાઇ હોઇ તે કાઢવા માટે થાંભલા પર ચડી જતાં કરંટ લાગતાં નીચે પટકાઇ હતી. આ કારણે બંને પગમાં ગંભીર ઇજા થતાં જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ છે. દિવ્યા બે ભાઇ અને બે બહેનમાં નાની છે. તેના પિતા કેશુભાઇ સારેલીયા ખેત મજૂરી કરે છે. દિવ્યાને હાથમાં કરંટ લાગવાથી દાઝી ગઇ હતી અને થાંભલા પરથી પટકાતાં બંને પગમાં ગંભીર ઇજા થઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં જસદણ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

અમારે નવી મશીનરી ખરીદવી છે માટે તમારી બેંકમાંથી લોન જોઇએ છે...જરૂરી દસ્તાવેજો રજુ કરતાં બેંકે ખરાઇ કરી લોન મંજૂર કરી પણ પછી છેતરાઇ ગયાની ખબર પડી

# સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા સાથે મહિલાની ૯૯ લાખની ઠગાઈ

## સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા નાગેશ્વર બ્રાંચના મેનેજર નેહાબેન છાબડાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગાયત્રી પંડ્યા અને ગોંડલ રીબડાના હરેશ દવે વિરૂધ્ધ દાખલ કરી એફઆઇઆરઃ બંનેએ મશીનરીના નામે લોન લઇ કંઇ ખરીદ કર્યુ નહિ, ને નાણા પણ પાછા ન દીધા

રાજકોટ, તા. ૧૦

આવ તારુ કરી નાંખુ...આ સુત્રને નજરમાં રાખીને અમુક લોકો ગામને કઇ રીતે છેતરવા તેના સતત પ્રયાસમાં હોય છે અને તક મળતાં છેતરી પણ લેતાં હોય છે. બેંકો સાથે લાખો કરોડોની ઠગાઇના કિસ્સા રાજકોટમાં અગાઉ પણ બની ગયા છે. વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં આવેલી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાંથી નાગેશ્વરમાં જ રહેતી ભેજાબાજ મહિલાએ એમ.એસ.એમ.ઇ. મશીનરી ખરીદવા નવ્વાણું લાખની ટર્મ લોન માંગી ગોંડલના રીબડાના શખ્સની માલિકીની પેઢીનું મશીનરી ખરીદી પેટેનું ક્વોટેશન સહિતના દસ્તાવેજો બેંકમાં રજૂ કરી આ લોન મેળવી લઇ બાદમાં કોઇપણ મશીનરી ન ખરીદી બેંકના નવ્વાણું લાખ ખાઇ જતાં મહિલા સહિત બંને સામે એફઆઇઆર દાખલ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો ફ્રોડની આ ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે. નવ્વાણુ લાખની લોન મેળવી લીધા બાદ કોઇ મશીનરી ન ખરીદતાં અને લોનની રકમ બેંકમાં ભરપાઇ ન કરતાં તેમજ રીબડાની પેઢીના સંચાલકે નિયમ અનુસાર જો મશીનરી ન ખરીદાય તો રકમ બેંકમાં પરત કરવાની હોય તેને બદલે નવ્વાણુ લાખની લોન માંગનાર મહિલાને ટ્રાન્સફર કરી દઇ બેંક સાથે ઠગાઇ કરતાં બંને વિરૂધ્ધ ફરિયાદ દાખલ થઇ છે. આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે જામનગર રોડ પર નાગેશ્વર મંદિર પાસે યુનિકેર હોસ્પિટલ નજીક રાધે એવન્યુમાં રહતાં મુળ પંજાબના પઠાણકોટના વતની પાંત્રીસ વર્ષિય નેહાબેન અભિનવભાઇ છાબડાની ફરિયાદ પરથી નાગેશ્વરમાં જ આવેલા એપલગ્રીન એપાર્ટમેન્ટ બ્લોક નં. ૧૧૦૧માં યહ્રો એ-વીંગમાં રહેતાં ગાયત્રી એમ. પંડ્યા તથા ગોંડલના રીબડા ગામે શીવ કોર્પોરેશન પેઢી ઉમીયા ઇન્ડસ્ટ્રીયલ ઝોન-૩માં આવેલી પેઢીના માલિક હરેશ જયંતિલાલ દવે વિરૂધ્ધ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા સાથે ઠગાઇ કરવામાં આવ્યાનો આરોપ મુકાયો છે.

આ ફ્રોડની વધુ માહિતી અનુસાર નેહાબેન છાબડા જામનગર રોડ નાગેશ્વર વિસ્તારમાં આવેલી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાં બ્રાંચ મેનેજર તરીકે નોકરી કરે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે તા. ૨૬/૬/૨૪ના રોજ ગાયત્રીબેન એમ. પંડ્યા કે જે નાગેશ્વર એપલ ગ્રીન એપાર્ટમેન્ટમાં રહે છે તેણે વેપાર ધંધા માટે એમ.એસ.એમ.ઇ. મશીનરી ખરીદવા ટર્મ લોનની જરૂર છે તેવી વાત સાથે અમારી બેંકમાં આવ્યા હોઇ તેમનેં મમારી બેંકમાં લોનનું કામ સંભાળતા કર્મચારી રીચા તિવારી મારી ઓફિસમાં લાવ્યા હતાં. ગાયત્રીબેને મારી સાથે મશીનરી બાબતે લોન અંગેની ચર્ચા કરી હતી. મેં તેની માંગણી મુજબ લોન અંગુનં ફોર્મ રીચા તિવારી પાસે જમા કરાવવા કહ્યું હતું.




બાદમાં ગાયત્રીબેને ૯૯ લાખની લોનની અરજી કરી હતી. જેમાં જરૂરી ડોક્યુમેન્ટ જેમ કે પેઢીનું કેવાયસી, મશીનરીનું ક્વોટેશન, પ્રોજેક્ટ રીપોર્ટ, આઇટી રીટર્ન સહિતના દસ્તાવેજો રજુ કરવા જણાવ્યું હતું. તેણે આ બધા દસ્તાવેજો રીચા તિવારી પાસે જમા કરાવ્યા હતાં. ગાયત્રીબેને એમ.એસ.એમ.ઇ. મશીનરી ખરીદવા કંપનીનું કોટેશન રજુ કર્યુ હતું તે પેઢીનું નામ શીવ કોર્પોરેશન હતું. શીવ કોર્પોરેશનના માલિક હરેશભાઇ જયંતિલાલ દવે ગોંડલના રીબડા ખાતે પેઢી ધરાવતાં હોવાનું જણાવાયું હતું. આ પછી અમે ગાયત્રીબેને રજૂ કરેલા લોન માટેના દસ્તાવેજની ચકાસણી લોનનું કામ કરતાં રીચા તિવારીએ શરૂ કર્યુ હતું. આ સાથે અમારી બેંક દ્વારા અરજદાર ગાયત્રીબેનની ગાયત્રી પોલીમર્સ પેઢી અને તેના ઘરની તપાસ કરવાની હોઇ કર્મચારી કુલદીપસિંહ જાડેજા ગાયત્રીબેનની પેઢી ઉપર ગયા હતાં. સાથે રીચા તિવારી પણ ગયા હતાં.

બંનેએ ગાયત્રીબેનની પેઢી, ઘરની તપાસ કરી લેખીત રિપોર્ટ આપ્યો હતો. આ રીતે તમામ પ્રોસેસ બાદ બધુ બરાબર લાગતાં અમારી બેંક તરફથી તા. ૧૨/૭/૨૪ના રોજ ગાયત્રીબેનની લોન મંજુર કરાઇ હતી. સેક્શન લેટર મુજબ મશીનરી બે મહિનામાં ખરીદ કરી તેમની પેઢીમાં ઇન્સ્ટોલ કરવાની હતી. લોન મંજુર થતાં બેંક તરફથી ૨૨/૭ના રોજ વેન્ડર શીવ કોર્પોરેશનના ખાતામાં ત્રણ કટકે એક જ દિવસમાં રૂા. ૯૯ લાખ જમા કરાવી દેવાયા હતાં. ત્યારબાદ ગાયત્રીબેને સેક્શન લેટર મુજબ મશીનરી સમય મર્યાદામાં લીધાના કોઇ કાગળો બેંકમાં રજુ કર્યા નહોતાં. આ અંગે બેંક તરફથી ગાયત્રીબેનને ફોનથી અને લેખીતમાં યાદી અપાઇ હતી.

ત્યારપછી ફરીથી ૧૨/૧૧ના બેંકે યાદી આપતાં તેણીએ ૧૬/૧૧ના બેંકને જવાબ આપ્યો હતો કે તેઓના વેન્ડર દ્વારા મશીનરી ખરાબ હોવાના કારણસર મશીન સમયસર ડિલીવર કરેલ નથી, મશીન ડિલીવરી માટે થોડો વધુ સમયજરૂર છે. આ પછી ૧૮/૧/૨૫ના રોજ ફરીથી અમારી બેંક તરફથી ગાયત્રીબેનને તથા શીવ કોર્પોરેશનને સંબોધીને મશીનરી ઇન્સ્ટોલેશન અંગેના બીલ, તેના વેરીફીકેશન અંગેની વિગતો રજુ કરવા લેખીતમાં યાદી અપાઇ હતી. આ યાદી તેણીએ બેંકમાં રૂબરૂ આવીને સ્વીકારી હતી. અમે આ યાદી પોસ્ટ મારફત શીવ કોર્પોરેશનને પણ મોકલી હતી. તેને આ યાદી ૨૩/૧/૨૫ના રોજ મળી ગઇ હતી. પરંતુ આમ છતાં ગાયત્રીબેન કે શીવ કોર્પોરેશન વતી કોઇ પ્રત્યુતર અપાયો નહોતો. વારંવાર ફોનથી જાણ કરવા છતાં ગાયત્રીબેન સંતોષકારક જવાબ આપતા નહોતાં. અમારી બેંક દ્વારા ગાયત્રીબેનને મશીનરી ખરીદવા ૯૯ લાખની લોન અપાઇ હતી.

જે લોનની રકમ તેના વેન્ડર શીવ કોર્પોરેશનના ખાતામાં જમા થઇ હતી. પરંતુ લોનની શરતો અનુસાર ગાયત્રીબેન દ્વારા કોઇ મશીનરી ખરીદ કરવામાં આવી નહોતી. તેમજ બેંક દ્વારા પુછાતા સંતોષકારક જવાબ પણ અપાતો નહોતો. ૧૧/૮/૨૫ના અમારા વકીલ મારફત ગાયત્રીબેન અને હરેશભાઇને મશીનરી ખરીદ કર્યા અંગેના પુરાવા રજૂ કરવા નોટીસ અપાઇ હતી. નોટીસ બંનેને મળી ગઇ હતી. ત્યારબાદ શીવ કોર્પોરેશનના હરેશભાઇ દવેએ નોટીસનો લેખીતમાં જવાબ આપ્યો હતો. જેમાં તેણે એવી હકીકત જણાવી હતી કે-૨૦/૧/૨૫ના રોજ ગાયત્રીબેન પંડ્યા દ્વારા લેખીતમાં મશીનરી લેવાનો ઓર્ડર રદ કરાયેલ છે, તા. ૨૩/૧/૨૫ અને ૧/૨/૨૫ સુધીમાં કટકે કટકે રૂા. ૧,૩૨,૦૦,૦૦૦નું પેમેન્ટ ગાયત્રીબેનના ખાતામાં પરત જમા કરાવેલ છે.

અમારી બેંકે ગાયત્રીબેનની લોનની રકમ રૂા. ૯૯,૦૦,૦૦૦ તેના વેન્ડર શીવ કોર્પોરેશનના ખાતામાં જમા કરાવી હતી. આ બંને જો મશીનરીનો સોદો કેન્સલ કરે તો શીવ કોર્પોરેશને બેંકના પૈસા બેંકમાં પરત આપવા જોઇએ. પરંતુ તેણે રકમ અમારી બેંકને પરત ન આપી ગાયત્રીબેનને ટ્રાન્સફર કરી દીધા હતાં. આમ બંનેએ એકબીજા સાથે મળીને બેંક સાથે વિશ્વાસઘાત કર્યો હતો. વારંવાર બંને પાસેથી બેંક દ્વારા રકમ જમા કરાવવા પ્રયાસ થયા હોઇ છતાં આ બંનેએ મશીનરી ખરીદીનો સોદો રદ થયાની કોઇ લેખીત જાણ બેંકને ન કરી લોનના ૯૯ લાખ ભરપાઇ કર્યા ન હોઇ ફરિયાદ નોંધાવવાનું નક્કી કરી પોલીસને જાણ કરી હતી. તેમ બ્રાંચ મેનેજર નેહાબેન છાબડાએ વધુમાં જણાવતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ગાંધીગ્રામના પોલીસ ઇન્સ. એસ.આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ. બી. જાડેજાએ ગુનો નોંધ્યો છે. પીએસઆઇ ટી. ડી. જાડેજાએ આ કેસની વિશેષ તપાસ હાથ ધરી છે. અગાઉ પણ બેંક સાથે ફ્રોડના કિસ્સા શહેરમાં સામે આવી ચુક્ય છે. જેમાં આ નવો કેસ ઉમેરાયો છે.

# મિત્રને પતાવી દેનાર મયુરે હાથ જોડી કહ્યું, ગુસ્સામાં થઇ ગઈ ભૂલ : પોલીસે કરાવ્યું રીકન્સ્ટ્રક્શન

## એ-ડિવીઝન પોલીસે રિક્ષાચાલક આરોપીને સાથે રાખી ઘટના સ્થળે કરાવ્યું રીકન્સ્ટ્રક્શન

રાજકોટ, તા. ૧૦

શહેરના ભીલવાસ રોડ પર ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતાં અઢાર વર્ષના ધાર્મિક પ્રકાશભાઇ મકવાણા નામના યુવાનની પરમ દિવસે રાતે જવાહર રોડ મોમાઇ ટી સ્ટોલ નજીક તેના જ પરિચીત પેડક રોડ બી-ડિવીઝન પોલીસ સ્ટેશન પાસે આવાસ ક્વાર્ટરમાં રહેતાં રિક્ષાચાલક મયુર કિશોરભાઇ લઢેરે છરીનો એક જ ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી. પોલીસે મયુરને રાતો રાત સંકજામાં લઇ છરી કબ્જે કરી હતી. પુછતાછમાં મયુરે કબુલ્યું હતું કે મૃતક ધાર્મિકને હું ઓળખતો હતો, રાતે તે મોમાઇ હોટેલ નજીક રોડ સાઇડમાં સુતેલા ભીક્ષુકો, ગરીબ લોકોના ગોદડા ખેંચી હેરાન



કરતો હોઇ મેં તેને અટકાવતાં અને આવુ નહિ કરવા સમજાવતાં તેણે મને ગાળ દેતાં મને ગુસ્સો આવ્યો હતો અને છરી મારી દીધી હતી. મયુરે રટણ કર્યુ હતું કે-આ બધુ ઉશ્કેરાટમાં થઇ ગયું છે, મારાથી ભુલ થઇ ગઇ છે. ઝોન-૨ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરીની રાહબરીમાં પીઆઇ બી. વી. બોરીસાગર, પીએસઆઇ રાણા, એએસઆઇ ભરતસિંહ ગોહિલ સહિતની ટીમે આરોપીની વિસ્તૃત પુછતાછ કરી હતી. ઘટના સ્થળે તેને લઇ જઇ રીકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ વખતે પણ આરોપી મયુરે હાથ જોડી માફી માંગી હતી. પોલીસની આ કામગીરી જોવા લોકોના ટોળા એકઠા થઇ ગયા હતાં.

આમ કે આમ ગુટલીઓ કે ભી દામ!

# ખાનગી બસનો ડ્રાઈવર દારૂની ૩૮૪ બોટલ સાથે ઝડપાયો

## રૈયા રોડ શીવપરાના શખ્સને પીસીબીએ લક્ઝરી બસમાં દારૂના જથ્થા સાથે ઝડપી લીધો

રાજકોટ, તા. ૧૦

ફિલ્મના ડાયલોગ આમ કે આમ ગુટલીઓ કે ભી દામની જેમ રાજકોટના રૈયા રોડ શીવપરામાં રહેતો લક્ઝરી બસનો ડ્રાઇવર બેય હાથમાં લાડવા રાખતો હતો. તે ડ્રાઇવીંગ કરતો હોઇ બસ લઇ વાસદા સુરત તરફ જતો હતો અને આ કામ બદલ પગાર મેળવતો હતો. વળતા તે બસમાં દારૂનો જથ્થો ભરી લાવી વેંચીને રોકડી પણ કરતો હતો. પણ પીસીબીએ તેના આ કરતૂતતો



પર્દાફાશ કરી બસમાં દારૂના જથ્થા સાથે ઝડપી લીધો હતો. તેની પાસેથી ૧ લાખ ૧૬ હજારનો દારૂ કબ્જે થયો હતો.

વિગતો જોઇએ તો કુવાડવા રોડ પર એક લક્ઝરી બસમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની પીસીબીના એ.એસ. આઇ. સંતોષભાઇ મોરી, હરદેવસિંહ રાઠોડ અને કોન્સ દેવરાજભાઇ કળોતરાને બાતમી મળતા સ્ટાફ સાથે કુવાડવા રોડ પર વોચમાં હતા ત્યારે ત્યાંથી નવ સારીના વાસદાથી કેશોદ જતી અવદ ટ્રાવેલ્સની લક્ઝરી બસને શંકાના આધારે રોકી તલાશી લેતા બસમાં રહેલા પાર્સલમાંથી રૂા. ૧,૧૬,૩૫૨ની કિંમતની વિદેશી દારૂની ૩૮૪ બોટલ મળી આવતા પોલીસે બસના ચાલક રૈયા રોડ કનૈયા ચોક શીવપરા-૫માં રહેતાં મુળ સાવરકુંડલાના ધર્મેશ મનસુખભાઇ મહેતાને પકડી લઇ દારૂનો જથ્થો તથા લક્ઝરી બસ મળી રૂા. ૨૧,૧૬,૩૫૨નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસની પુછપરછમાં ચાલક ધર્મેશ વાંસદાથી દારૂનો જથ્થો લઇ આવ્યો હોવાની અને બુટલેગર ઇમરાનઅલી અનીસઅલી શેખે દારૂનો જથ્થો મંગાવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે તેની શોધખોળ હાથધરી હતી.

આને કહેવાય ગામને પૈસે લીલાલ્હેર...નાના મોટા રોકાણકારોમાં કાળો કહેર

# ડબલની લાલચમાં ૧૭એ ગુમાવ્યા 'અડધો કરોડ'

## રાજનગર લક્ષ્મી સોસાયટીના શખ્સે પત્નિ સાથે મળી શ્રીપંચશીલ ક્રેડીટ સોસાયટી ખોલીઃ સાળાને કલેક્શન એજન્ટ બનાવી લોકો પાસેથી નાણા ઉઘરાવ્યાઃ પાંચ વર્ષમાં ડબલની લાલચમાં આ શખ્સે પરિચીત સહિતના ૫૪ લાખથી વધુ ઉસેડી લીધાઃ પાકતી મુદ્દતે પોતે જ પત્નિ-સાળા સાથે થઇ ગયો ગાયબઃ રોકાણકારોની બી-ડિવીઝનમાં ફરિયાદ

રાજકોટ, તા. ૧૦

ગામના પૈસે જેને લીલાલ્હેર કરવા છે તેને ગઠીયાગીરી કરવાનું પણ ખોટુ લાગતું હોતું નથી. ઠગાઇની વધુ એક ઘટના સામે આવી છે જેમાં રાજનગર પાસે લક્ષ્મી સોસાયટીમાં રહેતાં શખ્સે પત્નિ સાથે એક મંડળી ખોલી હતી અને પોતે તેમાં ચેરમેન બન્યો હતો. પછી રોકાણ ઉપર પાંચ વર્ષમાં ડબલની લાલચ આપી પોતાના સાળાને કલેકશન એજન્ટ તરીકે કામે લગાડી મોરબી રોડ વિસ્તારમાં રહેતાં પોતાના જ પરિચીત કોન્ટ્રાક્ટર અને કોન્ટ્રાક્ટરની સોસાયટીના બીજા લોકો પાસેથી મળી કુલ અડધા કરોડથી વધુની રકમ ડેઇલી કલેકશનના નામે ઉઘરાવી લીધી હતી. પણ હવે પાંચ વર્ષે ડબલની મુદ્દત પુરી થતાં જ્યારે રોકાણકારો પોતાની ડબલ રકમ લેવા જતાં આ મંડળી સંચાલક પોતાની પત્નિ અને સાળા સાથે ગાયબ થઇ જતાં વાત પોલીસ સુધી પહોંચી હતી. રોકાણકારો હવે રાતે પાણીએ રોઇ રહ્યા છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના નાના મવા રોડ રાજનગર ચોક પાસે લક્ષ્મી સોસાયટીમાં રહેતાં શખ્સે પોતાની પત્નિ સાથે મળી શ્રી પંચશીલ ક્રેડીટ સોસાયટી નામે મંડળી ચાલુ કરી તેમાં પોતાના સાળાને કલેક્શન એજન્ટ તરીકે રાખી પાંચ વર્ષમાં ડબલની લાલચ દઇ મોરબી રોડ વિસ્તારના પોતાના જ પરિચીત કોન્ટ્રાક્ટરના રૂા. ૨૬,૦૮,૦૦૦ મેળવી લઇ તેમજ કોન્ટ્રાક્ટરની સોસાયટીના અન્ય ૧૬ લોકોને પણ લાલચ આપી ૨૮,૨૪,૦૦૦ મેળવી લઇ કુલ રૂા. ૫૪,૩૨,૦૦૦ પાકતી મુદ્દતે પરત નહિ આપી ઠગાઇ કરતાં રોકાણકારોમાં દેકારો મચી ગયો છે. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે મોરબી રોડ ફાટક પાસે સોહમનગર સોસાયટી-૩ મેઇન રોડ પર રહેતાં અને કોન્ટ્રાકટર તરીકે કામ કરતાં દિનેશભાઇ ચીમનભાઇ સોલંકીની ફરિયાદ પરથી નાના મવા રોડ રાજનગર ચોક પેટ્રોલ પંપ પાછળ આવેલી લક્ષ્મી સોસાયટી-૨/૩માં રહેતાં શ્રી પંચશીલ ક્રેડીટ કો.ઓપ. સોસાયટી લી. નામની મંડળીના ચેરમેન અને એજન્ટો વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

પોલીસે મંડળીના ચેરમને પરેશ પ્રાગજીભાઇ સોલંકી, તેની પત્નિ નિર્મળાબેન ઉર્ફ નીરૂબેન પરેશભાઇ સોલંકી અને સોહમનગર-૨માં રહેતાં પરેશના સાળા કલેકશન એજન્ટ મુકેશ બાબુભાઇ ખીમસુરીયા વિરૂધ્ધ મંડળીમાં રૂપિયાનું રોકાણ કરવાથી પાંચ વર્ષમાં ડબલ નાણા મળશે તેવી




લાલચ આપી કોન્ટ્રાક્ટર દિનેશભાઇ તેમજ બીજા ૧૨ લોકો પાસેથી ૫૪,૩૨,૦૦૦ રૂપિયા ઉઘરાવી લઇ બાદમાં આ રકમ પરત ન આપી ઠગાઇ કર્યાની એફઆઇઆર દાખલ કરી છે. દિનેશભાઇ સોલંકીં પરિવાર સાથે રહું છું અને કોન્ટ્રાકટ રાખી કામ કરે છે. દિનેશભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના કૌટુંબિક સગા પરેશભાઇ પ્રાગજીભાઈ સોલંકી, તના પત્નિ નિર્મળાબેન ઉર્ફે નીરૂબેન સોલંકી અને પરેશભાઈના સાળા મુકેશ બાબુભાઈ ખીમસુરીયા ત્રણેય લક્ષ્મી સોસાયટી, રાજનગર ચોક પાસે શ્રી પંચશીલ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. નામે મંડળી ચલાવતા હતા. જેમાં પરેશભાઇ અને તેના પત્નિ મંડળીમાં ચેરમેન હોવાનુ કહેતાં હતાં. તેમજ પરેશભાઇનો સાળો મુકેશ મંડળીમાં કલેક્શન એજન્ટ હોવાનું અમને જણાવ્યું હતું.

આ લોકોએ મને કહ્યું હતું કે અમારી મંડળીમાં રૂપિયાનું રોકાણ કરવાથી તમને મોટો ફાયદો થશે. ત્રણ વર્ષ સુધી રોકાણ કરશો તો તેના વ્યાજ સહિત રૂપિયા પરત મળશે, તમે બેંકમાં મુકશો તો નવ વર્ષે ડબલ થશે, અમારી પાસે મુકશો તો પાંચ વર્ષમાં ડબલ કરીને આપશું. આવી લાલચ મને આપી હતી. નિર્મળાબેને ત્યારે કરેલુ કે તમારા મોરબી રોડ વિસ્તારમાં કલેકશનનું કામ તેણીના પતિ પરેશભાઇના સાળા મુકેશ ખીમસુરીયા સંભાળે છે. તે બધા પાસેથી રકમ કલેક્ટ કરી જશે. આ લોકો અમારા કુટુંબી સગા થતાં હોઇ જેથી મેં વિશ્વાસ રાખી રોકાણ કરવાનું ચાલુ કર્યુ હતું. જેમાં મારા પરિવારના સભ્યો જેમ કે મારા માતા જસુમતીબેન, પત્નિ ઉષાબેન, ભાભી યોગીતાબેન અને બહેન વૈશાલીબેન પરમારના નામે મેં રોકાણ કરવાનું ચાલુ કર્યુ હતું.

આ રીતે અમે તેમણે વિશ્વાસ મુકીને રોકાણ કર્યું હતું. સૌથી મોટું રોકાણ મારા માતા જસુમતીબેનનું હતું, જેમણે મકાન વેચાણના આવેલા રૂ. ૧૬,૦૦,૦૦૦ રોકેલા અને તેના પરનું વ્યાજ રૂ. ૭,૨૦,૦૦૦ મળ્યું હતું તે પણ મંડળીમાં જ રોકી દીધું હતું. તેમજ મારા ઉષાબેન, ભાભી યોગીતાબેન અને બહેન વૈશાલીબેન સહિત પરિવારનું કુલ રૂ. ૨૬,૦૮,૦૦૦નું રોકાણ હતું. આ રકમ જુલાઈ ૨૦૨૫માં વ્યાજ સહિત પરત મળવાની હતી, પરંતુ મુદ્દત નજીક આવતા સંચાલકો ઓફિસ બંધ કરીને ફરાર થઇ ગયા હતા. દિનેશભાઇએ વધુમાં જણાવ્યું છે કે છેતરપિંડી કરનાર પરેશભાઇ અને તેમના પત્નિએ રોકાણના નાણાંને અંગત જરૂરિયાત અથવા વેપાર ધંધામાં મદદ માટે લીધેલા હાથ ઉછીના તરીકે દર્શાવીને સ્ટેમ્પ પેપર પર પ્રોમિસરી નોટના લખાણ કરાવી લીધા હતા. આવી પ્રોમિસરી નોટ મારા નામે તેમજ મારા માતા જસુમતીબેન, પત્નિ ઉષાબેન અને બહેન વૈશાલીબેનના નામે બનાવવામાં આવી હતી, જેના દ્વારા કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦ની રકમને રોકાણને બદલે અંગત દેવું દર્શાવી દેવામાં આવ્યું હતું.

તેણે આગળ કહ્યું કે મેં પરેશભાઇ તેના પત્નિ સહિતની ઉપર વિશ્વાસ રાખી રોકાણ કર્યુ હોઇ જેથી અમારી સોસાયટીના લોકોએ પણ રોકાણ કર્યુ હતું. આ ૧૬ લોકોમાં ઇંદિરાબેન મનોહરસિંહ મકવાણાએ રૂપિયા ૭,૯૨,૦૦૦, ઇન્દુબેન લાલજીભાઇ દવેરાએ ૪ લાખ, નરેશભાઇ લક્ષમણભાઇ રાઠોડે રૂા. ૩૬ હજાર, વર્ષાબેન અશોકભાઇ મકવાણાએ રૂા. ૭૨ હજાર, વિજ્યાબેન પ્રવિણભાઇ મકવાણાએ રૂા. ૧,૪૪,૦૦૦, યોગેશભાઇ પ્રવિણભાઇ મકવાણાએ ૫૪ હજાર, મંજુલાબેન ખીમાભાઈ મકવાણાએ રૂ. ૧,૮૦,૦૦૦, સવિતાબેન હિતેન્દ્રભાઇ પરમારે ૭૨ હજાર, દિપ્તીબેન સતિષભાઇ પરમારે ૧૮ હજાર, દક્ષાબેન પ્રવિણભાઇ ચાવડાએ ૩,૬૦,૦૦૦, લત્તાબેન સુનિલભાઇ ડાભીએ ૯૦ હજાર, સોનલબેન વિજયભાઇ ચાવડાએ ૭૨ હજાર, વનીતાબેન દિલીપભાઇ ભાસ્કરે રૂા. ૫૪ હજાર, લલીતાબેન મંગાભી વાલવાએ રૂા. ૫૪ હજાર, રમાબેન વશરામભાઇ ભાસ્કરે ૯૦ હજાર અને જ્યોતિબેન પ્રકાશભાઇ મકવાણાએ રૂા. ૩,૩૬,૦૦૦ મળી કુલ રૂ. ૨૨,૨૪,૦૦૦ની રકમનું રોકાણ કર્યુ હતું.

આ તમામની સાથે પણ પાંચ વર્ષમાં ડબલની લાલચ આપી ઠગાઇ કરવામાં આવી છે. આમ મારા રૂા. ૨૬,૦૮,૦૦૦ અને બીજા ૧૬ લોકોના રૂા. ૨૮,૨૪,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૪,૩૨,૦૦૦ની રકમ આ ત્રણેય મંડળીમાં રોકાણના નામે કાવતરૂ રચી મેળવી લઇ ફોન બંધ કરી ગાયબ થઇ ગયા છે. બી-ડિવીઝન પોલીસ ઇન્સ. એસ. એસ. રાણેના માર્ગદર્શનમાં પીએસઆઇ એ. બી. ચૌધરીએ એફઆઇઆર દાખલ કરી ઠગાઇ કરનારાઓને શોધવા કાર્યવાહી હાથ ધરી છે.

## રાજ્ય સરકારની દબાણ મુક્ત રાજ્યની કલ્પના

# વી.પી.વૈષ્ણવના બિલ્ડીંગ કેસમાં ફરી મુદ્દત

### ૨૬૦(૨)ની નોટીસ છતાં શોરૂમ થઈ ગયો ધમધમતો : હાઈકોર્ટના ચુકાદા પર મીટ, ૨૩ ફેબ્રુઆરીએ ફરી સુનાવણી

રાજકોટ તા. ૧૦

રાજકોટમાં ઘણા ખરા એવા દબાણો છે કે જેને ટાઉન પ્લાનિંગ વિભાગ અને એસ્ટેટ વિભાગ સંયુક્ત રીતે તોડી પાડવામાં આવે છે કારણ કે રાજ્ય સરકાર દબાણ મુક્ત રાજ્યની કલ્પના કરી રહ્યું છે ત્યારે ઘણી ખરી મિલકતોમાં વધુ ચણતર કરી દેવામાં આવ્યું હોય તો તેને નોટિસ આપી કાં તો તેને દૂર કરવા જણાવે છે અથવા તો તે સમગ્ર મિલકત નું ડિમોલિશન થતું હોય છે. મળતી માહિતી મુજબ રાજકોટમાં ઘણા ગેરકાયદે બાંધકામો થયેલા છે તેના ઉપર તાકીદે પગલાં લેવા માટે હાલ તંત્ર દ્વારા ઘણી ખરી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે પરંતુ જોવાની અને જાણવા જેવી બાબતો એ છે કે અહીં અધિકારીઓ એ તમામ ઉપર ધોકો પછાડે છે કે જેમની પાસે કોઈ રાજકીય તાકાત ન હોય અથવા તો વગ ન હોય. તો બીજી તરફ ઘણી એવી મિલકતો પણ છે કે જે દરેકને ખ્યાલ છે કે આ મિલકત ગેરકાયદેસર છે છતાં પણ તેને દૂર કરવામાં આવતી નથી માત્ર નોટિસ પાઠવીને કામગીરીનો સંતોષ માનવામાં આવે છે.

આવી જ એક મેટર અને મિલકત યાજ્ઞિક રોડ ઉપર આવેલી છે જે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વીપી વૈષ્ણવની મોકા ની જગ્યા છે. ગેરકાયદેસર બાંધકામ કર્યું હોવા છતાં પણ મહાનગરપાલિકા આ મિલકત ને હટાવી શકી નથી અથવા તો તે દબાણો થયા છે તેને દૂર કરાવી શકી નથી. કારણ કે માલિક દ્વારા તેઓ પગલું ભરવામાં આવ્યું છે કે જેનાથી અધિકારીઓ પણ કામગીરી કરતા ડરે છે. હાલ આ મેટર કોર્ટ સુધી પહોંચી ગઈ હોવાથી કોઈ નક્કર પરિણામ આવતું નથી ત્યારે ફરી એક વખત ગુજરાત હાઈકોર્ટમાં આ મેટર માટેની તારીખ પડી છે અને હવે ૨૩ ફેબ્રુઆરીના રોજ આ અંગે સુનાવણી હાથ ધરાશે.

એ વાત તો સ્પષ્ટ છે કે જ્યારે મહાનગરપાલિકા દ્વારા ૨૬૦ બે મુજબની નોટિસ આપી દેવામાં આવે ત્યારે તે મિલકત નો ડિમોલિશન કરવામાં આવે છતાં પણ નોટિસ આપ્યા બાદ કોઈપણ કારણોસર આ કામગીરી કરવામાં મહાનગરપાલિકા નિષ્ફળ ની મળ્યું અને તંત્રએ હાથ ઊંચા કરી દીધા જે બાદ મિલકતના માલિક દ્વારા અનેક તુત રચવામાં આવ્યા હોવાનું કોંગ્રેસી આગેવાનોએ જણાવ્યું. હાલ આ કેસમાં સંજય લાખાણી તથા કૃષ્ણદત્ત રાવલ દ્વારા લડત આપવામાં આવી રહી છે ત્યારે જે તારીખ આ કેસની સુનાવણી હતી ત્યારે વધુ કેસ હોવાના કારણે આ કેસને ફેબ્રુઆરી મહિનામાં પોસ્ટપોન્ડ કરવામાં આવ્યો હોવાનું જણાય છે.




આ કેસ બાબતે જાણકાર વર્તુળોનું તથા કોંગ્રેસી આગેવાનોનું માનવું છે કે હાલ નિર્ણય વીપી વૈષ્ણવ ની તરફેણમાં નહીં આવે કારણ કે મહાનગરપાલિકા દ્વારા ૨૬૦ બે મુજબની નોટિસ પાઠવી દેવામાં આવી છે અને તેમના દ્વારા જે કારણ આપવામાં આવ્યું છે તે અયોગ્ય છે પરંતુ એક ટકો ચાન્સ એ પણ છે કે હાઈકોર્ટ કહે કે આ મુદ્દો મહાનગરપાલિકા નો છે તો કેસ મનપાને પરત કરવામાં આવે તો કહી ન શકાય. વી.પી વૈષ્ણવના કેસમાં સીટી એન્જિનિયર અતુલ રાવલ દ્વારા કામગીરી કરવામાં આવનાર હતી પરંતુ આજે પણ તે કામગીરી કરવામાં ભા એન્જિનિયર પણ નિષ્ફળ નિવડિયા છે

રાજકોટના અત્યંત જાણીતા એવા યાજ્ઞિક રોડ પર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના વીપી વૈષ્ણવ દ્વારા ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હોવાનું માલુમ પડ્યું છે ત્યારે તે બાંધકામની સામે કાયદાકીય કાર્યવાહી કરવા માટે મહાનગરપાલિકા દ્વારા ૨૬૦ (૧) તથા ૨૬૦ (૨) ની નોટીસ પણ બજવી દીધી છે છતાં પણ કોઈને કોઈ કારણસર મહાનગરપાલિકા જે તે મિલકતને તોડતી નથી અને જે ગેરકાયદેસર બાંધકામ ખડકી દેવામાં આવ્યું છે તેના પર કોઈ કાર્યવાહી થતી નથી જેને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા છે. રાજકોટ ચેમ્બરના વિ.પી. વૈશ્નવની માલિકીની છે તેની સામે ગેરકાયદેસર બાંધકામ કરવા બદલ ૨૬૦(૨) ની નોટીસ વર્ષ ૨૦૨૩ ના સપ્ટેમ્બર મહિનામાં જ આપવામાં આવી હતી અને ટાઉન પ્લાનિંગ અધિકારી દ્વારા તેને સાત દિવસની અંદર જ બાંધકામ તોડવા માટેની નોટિસ પણ આપી પરંતુ આજ દિન સુધી આ કિસ્સામાં કોઈ નક્કર કામગીરી થઈ નથી. ઊલટું ત્યાં બુટ ચંપલનો શોરૂમ પણ શરૂ થઈ ચૂક્યો છે.

રાજકોટ કોંગ્રેસના સંજય લાખાણી અને કૃષ્ણદત રાવલના જણાવ્યા અનુસાર સંબંધિત વ્યક્તિ રાજકીય વગ ધરાવતા હોવાથી મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી અથવા તો અધિકારીઓ તે દબાણને દૂર કરતા ડરે પણ છે પરંતુ ખરી વાસ્તવિકતા શું છે તેનો કોઈ અંદાજો નથી. ત્યારે ફરી એક વખત આ કેસમાં તારીખ પડતા જાણે મિલકતના માલિકને હાશકારો થયો હોય તેવું જણાઈ રહ્યું છે. રાજકોટમાં ઘણી ખરી પ્રોપર્ટી ને ૨૬૦ બે મુજબની નોટિસ પાઠવી દેવામાં આવી છે પરંતુ આજ દિન સુધી હજુ યોગ્ય ઉકેલ અથવા તો નિર્ણય લેવામાં આવ્યો ન હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. હાલ આ બાબતે ગુજરાત હાઈકોર્ટ શું ચૂકાદો આપે છે તે હવે જોવાનું રહ્યું.

## રાજકોટ સ્ટેટ ,GST માટે ૨૦૨૫ લાભદાયી : નવેમ્બરની આવકમાં ૧૦% વૃદ્ધિ

# નવ મહિનામાં SGSTને ૨૧૦૦ કરોડની આવક

રાજકોટ તા. ,૧૦

જેમ જેમ દેશ અને રાજ્યનો આર્થિક વિકાસ થઈ રહ્યો છે તેમ જીએસટીની આવક માં પણ વધારો થઈ રહ્યો છે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર છે અને આ પ્રદેશમાં ઘણા ખરા મોટા ઉદ્યોગો આવેલા છે એને તેની વિકાસની હરણફાળ જોતા સરકારને જીએસટી પેટે સારી એવી આવક થઈ રહી છે ત્યારે મળતી માહિતી મુજબ રાજકોટ જીએસટીની જે ગત માસની આવક છે તેમાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. જમા ગત સપ્ટેમ્બર કરતા ઓક્ટોબર ની આવકમાં આશરે ૭% નો વધારો જોવા. જો નવેમ્બરની વાત કરવામાં આવે તો ઓક્ટોબર કરતા ૧૦% ની સતત વૃદ્ધિ જોવા મળી છે તેની પાછળનું કારણ જો કોઈ હોય તો ઔદ્યોગિક એકમો અને હાલ જે જીએસટી ચોરીઓ પકડવામાં આવી તેને આવકમાં વૃદ્ધિ કરી છે. મળતી માહિતી મુજબ હાલ પોતાનો નિર્ધારીત લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે પણ જીએસટી વિભાગ એડીચોટી નું જોર લગાવી રહ્યું છે સાતો સાત જીએસટી ચોરી કરનાર વ્યાપારીઓને પણ બક્ષવામાં આવતા નથી. ત્યારે આગામી દિવસોમાં યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને યોગ્ય કાર્યવાહી થાય તે દિશામાં હાલ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. બીજી સૌથી મોટી વાત તો એ છે કે અત્યારે જીએસટીની આવકમાં જે રીતે વધારો જોવા મળ્યો છે તે યથાવત રહે તો ટાર્ગેટ ની નજીક તંત્ર સહેલાઈથી પહોંચી જશે.

રાજકોટ સ્ટેટ જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ દર મહિને આવકમાં વધારો જોવા મળે છે ત્યારે એપ્રિલ મહિનાથી નવેમ્બર સુધીની જો વાત કરવામાં આવે તો રાજકોટ જીએસટી વિભાગને ૨૧૦૦ કરોડની આવક થયેલી છે અને એપ્રિલથી ઓક્ટોબર સુધીમાં ૧૮૨૫ કરોડ જેટલી આવક થઈ હોવાનો પણ જાણવા મળ્યું છે. ગત વર્ષ એટલે કે ૨૦૨૪ નવેમ્બર ની વાત કરવામાં આવે તો ૨૦૨૫ ના નવેમ્બરમાં ૧૦% થી વધુની આવક નોંધાય છે ત્યારે નવેમ્બર ૨૫ માટે વિભાગ દ્વારા ૨૫૦ કરોડ જેટલો ટાર્ગેટ રાખવામાં આવ્યો હતો જેની સામે ૨૭૬ કરોડની આવક થઈ છે.ઉલ્લેખનીય છે કે નવેમ્બર-૨૦૨૫ સુધીમાં રાજયને જીએસટી હેઠળ રૂા.૫૨,૩૯૦ કરોડની આવક થયેલ હતી. જે ગત વર્ષની સમાન સમયગાળામાં થયેલ આવક રૂા.૪૮,૦૮૫ કરોડ કરતા ૯% વધુ હતી.

નવેમ્બર-૨૦૨૫માં ગુજરાત રાજયને જીએસટી હેઠળ રૂા.૬,૭૨૩ કરોડની આવક થયેલ છે જે નવેમ્બર-૨૦૨૪માં થયેલ આવક રૂા.૬,૬૫૫ કરોડ કરતા ૧% વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નવેમ્બર-૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૦.૭% રહેલ છે. રાજયને નવેમ્બર-૨૦૨૫માં વેટ હેઠળ રૂા.૨,૭૦૭ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂા.૧૦૨૫ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂા.૧૪ કરોડની આવક થયેલ છે. આમ, રાજય કર વિભાગને જીએસટી, વેટ, વિધ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂા.૧૦,૪૬૯ કરોડની આવક થયેલ હતી.

હાલ સમગ્ર રાજ્યમાં આવકવેરા વિભાગની સાથોસાથ સ્ટેટ જીએસટી તથા સેન્ટ્રલ જીએસટી દ્વારા ઈન્વેસ્ટીગેશન એટલે કે સર્ચ ઓપરેશન હાથ ધરી જીએસટી ચોરી ને અંકુશમાં લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જે આવનારા સમય માટે અત્યંત ઉપયોગી અને મહત્વપૂર્ણ સાબિત થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. નવેમ્બર-૨૦૨૫માં મોબાઈલ સ્કવોડ દ્વારા અન્વેષણની કામગીરી થકી રૂા.૩૨.૪૦ કરોડની આવક થયેલ જે ગત વર્ષના સમાન માસ દરમ્યાન થયેલ રૂા.૨૦.૦૩ કરોડ સામે ૬૧.૭% વધારે હતી. આમ સતત રાજયની સાથોસાથ રાજકોટ જીએસટી વિભાગની આવકનો ગ્રોથ પણ વધી રહ્યો છે જે શહેરના સતત વિકાસનું પ્રતિબિંબ છે.




## ૩૧૦ કરોડનો જ વસૂલાયો વેરો : બાકી મિલકત ધારકોને સાદી ટપાલ આવી મોકલવામાં

# વેરાના ૪૫૪ કરોડ વસુલવા હવાતીયા

### મતદાર સુધારણા કામગીરી, સ્ટાફની અછત અને સરકારી કાર્યક્રમોમાં કર્મચારીઓની કામગીરીના પગલે વસુલાત થતી ન હોવાની ફરિયાદ



રાજકોટ, તા. ૧૦

મહાનગરપાલિકા દ્વારા ગત વર્ષે જે બજેટ રજૂ કરવામાં આવ્યું તેમાં આવક અને ખર્ચના શ્રોત નક્કી કરવામાં આવ્યા હતા મળતી માહિતી મુજબ આવકની વાત કરવામાં આવે તો વેરો મહાનગરપાલિકાની ચોખી આવક ગણવામાં આવે છે ત્યારે ગત એટલે કે ચાલુ વર્ષનું જે બજેટ છે તેમાં ૪૫૪ કરોડ રૂપિયાનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો હતો જેમાંથી અત્યારે વેરા વસુલાત વિભાગે ૩૧૦ કરોડ રૂપિયાની આવક કરી લીધી છે. હાલ બાકી રહેતી ૧૪૪ કરોડનો વેરો ભેગો કરવો હાલ મહાનગરપાલિકા માટે ખૂબ કઠિન કાર્ય સાબિત થઈ ચૂક્યું છે કારણ કે ગત વર્ષે ટાર્ગેટથી પણ વધુનો વેરો એકત્રિત કરવામાં આવ્યો હતો પરંતુ આ વખતે મતદાર સુધારણા ની કામગીરીની સાથો સાથ સ્ટાફનો અભાવ અને સરકારી કાર્યક્રમો માં સ્ટાફનો ઉપયોગ થતો હોવાથી રૂટિન કામગીરીને ઘણી અસર પહોંચી છે. વેરા વસુલાત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આ વખતે કોઈ પણ પ્રકારની કડકાય મિલકત ધારકો ઉપર ન કરવા માટેની તાકીદ પણ કરવામાં આવી છે જેથી ટાર્ગેટ સુધી પહોંચવું ખાસું મુશ્કેલ પુરવાર થઈ રહ્યું છે.

બીજી સૌથી મોટી વાત તો એ છે કે હાલ ૯૭ કરોડ જેટલો વેરો સરકારી કચેરીનો પણ બાકી છે જેમાંથી મહત્તમ રકમની વસુલાત થાય તે માટેના પ્રયત્નો હાલ હાથ ધરવામાં આવી રહ્યા છે જેથી ટાર્ગેટ સુધી પહોંચી શકાય. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ વેરા વસુલાત વિભાગ એ પણ આડકતરી રીતે સ્વીકાર્યું છે કે આ વર્ષે ટાર્ગેટ સુધી પહોંચવા માટે ઘણા લોઢાના ચણા ચાવવા પડે તેમ છે અને આ ટાર્ગેટ સુધી પહોંચવું સહેજ પણ સહેલું નહીં હોય. બીજી તરફ હાલ થોડા સમય પૂર્વે જ સ્પીડ પોસ્ટ થી જે બાકી વેરાની નોટિસો અને બિલો મોકલવામાં આવ્યા હતા તે પરત થતા સાદી ટપાલ મારફતે બિલ મોકલવા આવ્યા છે અને જે લોકો ને ટપાલ ન મળે તો તેઓએ ઝોન કચેરીનો પણ સંપર્ક કરવા જણાવ્યું છે જેથી જે પણ રકમની રિકવરી આ પ્રકારના મિલકત ધારકો પાસેથી થાય તો તેથી પણ હાલ જે ખાધ ઊભી થઈ છે તેમાં રાહત મળી શકે.

વેરા વસુલાત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ઘણી ખરી સરકારી કચેરીઓએ તેમનો બાકી વેરો ભરવાનું શરૂ કરી દીધું છે જે આડકતરી રીતે રાહત પણ આપી છે પરંતુ હાલ જે ૧૦૦ કરોડથી વધુની જે વસૂલાત કરવાની બાકી છે તે વિભાગ માટે ખૂબ કઠિન છે. ૯૭ કરોડ નો વેરો જે સરકારી કચેરીઓ પાસેથી લેવાનો બાકી છે તે પણ ભરવામાં આવે તો પણ ૪૭ કરોડ જેટલી માતબર રકમ બાકી રહે જે ખરા અર્થમાં આ વર્ષે અશક્ય છે. હવે પ્રશ્ન ઉભો થાય છે કે જો વેરાની આવકનો લક્ષ્યાંક પૂરો નહીં થાય તો નાણાકીય પ્રશ્નો ઉભા થઈ શકે છે માટે જ મહાનગરપાલિકા હાલ તેના જે પ્લોટ છે તેને વહેંચવા કાઢ્યા હોય તો પણ નવાઈ નહીં.

સૌથી મહત્વની વાત તો એ છે કે આ વિભાગમાં અપૂરતો સ્ટાફ હોવાના કારણે વહીવટી કામની સાથોસાથ ફિલ્ડ વર્ક નું કામ કરવું ખૂબ કઠિન બની જાય છે માટે અન્ય વિભાગના કર્મચારીઓનો સહકાર વેરા વસુલાતની કામગીરી માટે લેવામાં આવી રહ્યો છે જે અંગે સત્તાધીશો એ એટલે કે મહાનગરપાલિકાએ યોગ્ય રીતે વિચાર કરી તેનું નિવારણ લાવવું ખૂબ જરૂરી છે. મળતી માહિતી મુજબ ઘણા ખરા એવા મિલકત ધારકો છે જેનો હતો પતો જ નથી ત્યારે તે કિસ્સામાં મહાનગરપાલિકા શું પગલાં લેશે તે પણ એટલું જ મહત્વનું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટ, રેલવે, કલેકટર, પોલીસ તથા બીએસએનએલ સહિત અનેક સરકારી વિભાગો પોતાનો વેરો સમયસર ભરતા નથી અને તેની અસર ટાર્ગેટ ઉપર પણ જોવા મળે છે.

હાલ જે વિગતો મળી રહી છે તેમાં જે મિલકત ધારકો તેમનો વેરો નહીં ભરે તો નળ કનેક્શન કાપવા સુધીના પગલાં લેવામાં આવશે તેવું વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું તો સામે સરકારી કચેરીઓનો ખૂબ મોટો વેરો કે જે કરોડોમાં છે તે છેલ્લા ઘણા વર્ષોથી બાકી હોવા છતાં કોઈ કાયદાકીય પગલાં લેવામાં આવતા નથી ત્યારે આ નીતિથી સ્થાનિકો હેરાન પરેશાન થઈ ચૂક્યા છે. મળતી માહિતી મુજબ હાલ ૨૦ જેટલી સરકારી સંસ્થાઓનો જે ૯૭ કરોડ જેટલો વેરો બાકી છે તેમાંથી સાત સંસ્થાઓનો જ કુલવેરો ૯૩ કરોડ નેપાળ પહોંચ્યો છે જેમાં રેલ્વેના ૧૧ કરોડ, યુનિવર્સિટીના ૧૯ કરોડ, કલેકટરના ૧૨.૯૭ કરોડ, સમરસ હોસ્ટેલના ૧૫.૧૫ કરોડ, પોલીસના ૧૨ કરોડ, બીએસએનએલના ૧૩.૯૦ કરોડ તથા પીડબ્લ્યુડીના ૮.૫૨ કરોડ બાકી છે એટલે કે કુલ આ તમામ સાત સંસ્થાઓની જો વાત કરવામાં આવે તો ૯૩ કરોડ રૂપિયા હજુ બાકી છે.